| દાખલ તારીખ | ૨૬.૦૬.૨૦૨૩ | | |
|---|---|---|---|
| નોંધણી તારીખ | ૨૬.૦૬.૨૦૨૩ | | |
| ફેસલ તારીખ | ૦૮.૦૪.૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૯ | ૧૨ |

---

ભરૂચના મહેરબાન સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : ભરૂચ.

---

**<u>સેસન્સ કેસ નંબર : ૪૭/૨૦૨૩</u>**

**આંક–....**

ફરિયાદી :– શ્રી સ ર કા ર

...વિરૂધ્ધ...

આરોપી :– જગદીશભાઇ ઉર્ફે બોબી બબલાભાઇ મિસ્ત્રી
રહે. વેજલપુર, પોપટીખાડી ગોવાલાબાપુની સામે,
પારસીવાડ, ભરૂચ

ગુન્હો :– <u>ઇ.પી.કોડની કલમ–૩૦૪ ભાગ–૧,૩૦૮,૧૧૪ મુજબનો</u>

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી સુશ્રી એન.એમ.મિસ્ત્રી
આરોપી તરફે વિ. લીગલ એઇડ ડીફેન્સ કાઉન્સીલશ્રી જે.વી.પટેલ

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૦૭.૦૫.૨૦૧૫ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૨૩.૦૬.૨૦૧૬ |
| ચાર્જશીટની તારીખ | ૧૯.૦૭.૨૦૧૯ |
| ચાર્જ ફ્રેમ કર્યાની તારીખ | ૦૫.૦૧.૨૦૨૪ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૨૫.૦૧.૨૦૨૪ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ૦૭.૦૩.૨૦૨૬ |
| હુકમની તારીખ | ૦૮.૦૪.૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | ૦૮.૦૪.૨૦૨૬ |

## <u>આરોપીની વિગત</u>

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડ કર્યાની તારીખ | જામીન ઉપર મુકત થયાની તારીખ | જે ગુન્હાનો આરોપ મુકયો છે તે ગુન્હો | નિર્દોષ કે દોષિત | લાદવામાં આવેલી સજા | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ ના હેતુ માટે સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જગદીશભાઇ ઉર્ફે બોબી બબલાભાઇ મિસ્ત્રી | ૦૧.૧૧.૨૦૧૮ | ૦૪.૧૨.૨૦૨૩ | ઇ.પી.કોડની કલમ–૩૦૪ ભાગ–૧, ૩૦૮,૧૧૪ | ઇ.પી. કોડની કલમ–૩૦૪ ભાગ–૨ અને ૩૦૮ માટે દોષિત | આખરી હુકમ મુજબ | |

## <u>–:: ચુ કા દો ::–</u>

(૧) ફરિયાદ પક્ષના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, આ કામના આરોપી તથા રમેશભાઇ બબલાભાઇ મિસ્ત્રી અને અંકુરભાઇ ઉર્ફે અરવિંદભાઇ બબલાભાઇ મિસ્ત્રીનું સંયુકત માલિકીનું ભરૂચ મુકામે વેજલપુર, પોપટી ખાડીમાં મકાન નં. ડી–૧૦૦૪ વાળુ વરસો જુનુ જર્જરીત હાલતમાં હતુ. જે પૈકી રમેશભાઇ બબલાભાઇ ગુજરી ગયેલા હતા અને આરોપી જગદીશભાઇ અને અંકુરભાઇ આ મકાનમાં રહેતા હતા. ભરૂચ નગરપાલીકા તરફથી પણ આરોપીઓને મકાનનો કાટમાળ ઉતારી લેવા માટે નોટીસો આપેલ હોવા છતાં આરોપીઓ તરફથી જર્જરીત અને જોખમકારક મકાન ઉતારવામાં આવેલ નહી અને મકાનના છાપરા ઉપર નળીયા બદલવા ચઢવાથી મકાન પડી જવાની કે મકાન ધસી પડવાની જાણકારી હોવા છતાં અને આવું કૃત્ય કરવાથી મકાન પડી જવાથી કોઇનું મૃત્યુ નિપજી શકે છે અને ગંભીર ઇજાઓ થઇ શકે છે તેવી જાણકારી હોવા છતાં તા.૦૭.૦૫.૨૦૧૫ ના રોજ કલાક ૧૨.૦૦ વાગે આરોપીઓ મજુરોને બોલાવી ટેકા લગાવ્યા વિના મકાનના છાપરા ઉપર નળીયા બદલવા ચઢેલા હતા અને છાપરાના નળીયા ઉતારતા હતા તે દરમ્યાન આરોપીઓના મકાનની પ્રથમ તથા

બીજા માળની દિવાલ ફરિયાદીના મકાન નં. ડી–૧૦૦૩ ઉપર ધસી પડતા ઘરમાં હાજર ફરિયાદીના પત્નિ ચંચળબેન શંકરભાઇ ચુડાસમા, સાહેદ ઉકીબેન બાબુભાઇ ટંડેલ, ભાવેશભાઇ શંકરભાઇ ચુડાસમા, અરવિંદભાઇ લાલજીભાઇ વસાણી, મિત્તલબેન અરવિંદભાઇનાઓ મકાનના કાટમાળમાં દબાઇ જતા નાની મોટી તેમજ ફ્રેકચર સહિતની ગંભીર ઈજાઓ થયેલી તેમજ આ ઈજા પામનારા પૈકી ફરિયાદીનો દિકરો ભાવેશ અને મિત્તલબેનનાઓ આ ઈજાઓના કારણે મરણ પામેલા. આ રીતે આરોપીઓએ મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી અથવા મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરિક ઈજાઓ પહોંચાડવાના ઈરાદાથી અથવા તેવા કૃત્યથી મૃત્યુ નિપજવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે કૃત્ય કરી ગુન્હો કરેલ હોવા બાબતની ફરિયાદ ભરૂચ શહેર બી–ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આપવામાં આવેલ.

(૨) ફરિયાદીની ફરિયાદ આધારે ભરૂચ શહેર બી–ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ફસ્ટ ૨૮/૨૦૧૯ થી ઈ.પી.કોડની કલમ–૩૦૪ ભાગ–૧, ૩૦૮, ૧૧૪ મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલો. ત્યારબાદ આરોપી અંકુરભાઇ ઉર્ફે અરવિંદભાઇ બબલાભાઇ મિસ્ત્રી ગુજરી ગયેલ હોઈ પોલીસ તપાસના અંતે હાલના આરોપી જગદીશભાઇ વિરૂધ્ધ ચાર્જશીટ કરવા જેટલા પુરાવા મળી આવતા ભરૂચના વિ.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ઉપરોકત જણાવ્યા મુજબના ગુન્હાનું ચાર્જશીટ દાખલ કરવામાં આવતા તે ક્રિ.કે.નં.૪૮૫૩/૨૦૧૯ થી નોંધવામાં આવેલ. પરંતુ સદરહુ ગુન્હો ઈ.પી.કોડની કલમ–૩૦૪ ભાગ–૧ મુજબનો હોઈ સદરહું ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા સેસન્સ કોર્ટને હોઈ ભરૂચના વિ.છઠ્ઠા એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસશ્રીએ સદરહુ કેસ સેસન્સ કોર્ટ, ભરૂચ ખાતે કમીટ કરવાનો હુકમ કરી રેકર્ડ સેસન્સ કોર્ટ, ભરૂચમાં મોકલી આપતા તે સેસન્સ કેસ નં.૪૭/૨૦૨૩ થી નોંધાયેલ. ત્યારબાદ આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી આગળ

ચલાવવામાં આવેલ છે.

(૩) સદરહું કામમાં આરોપીને પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ મારા પુરોગામીશ્રીએ તા.૦૫.૦૧.૨૦૨૪ ના રોજ આરોપી સામે આંક–૫ થી તહોમતનામુ ફરમાવેલ અને સદરહુ તહોમતામુ વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીએ આંક–૬ ના નિવેદનથી ગુન્હાનો ઈન્કાર કરતા કામ ફરિયાદ પક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

(૪) સદરહુ કામે ફરિયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપો પુરવાર કરવા માટે નવ સાહેદો તપાસેલ છે તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(૫) આ કામે ફરિયાદ પક્ષે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર રજુ કર્યા બાદ આરોપીને બચાવ કરવાની પુરતી અને વ્યાજબી તક મળી રહે તે હેતુસર તેઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેતાં આરોપીએ ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવો ખોટો હોવાનું અને તેઓની સામે ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે અને આરોપીને વિશેષમાં કોઈ ખુલાસો કરવો છે તે અંગે પુછતા આરોપીએ જણાવેલ છે કે ''અમો આરોપી નિર્દોષ છીએ. અમોએ આવો કોઇ ગુન્હો કરેલ નથી કે અમે કોઇ બેદરકારી રાખેલ ન હતી અને અમારૂ કોઈ ઈરાદાપુર્વકનું કૃત્ય ન હતુ કારણ કે બનાવ સમયે સ્થળ ઉપર હાજર ન હતા અને અમોએ કોઇ મજુરોને બોલાવેલ ન હતા. ફરિયાદીએ વળતર મેળવવા માટે ખોટી ફરિયાદ કરેલ છે.'' આ કામે આરોપીએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના કોઈ સાહેદ તપાસેલા નથી તેમજ કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી.

<u>ફરિયાદ પક્ષની દલીલો</u>

(૬) ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની રજુઆત છે કે આ કામે ફરિયાદ પક્ષ તરફે ભરૂચ નગરપાલીકામાં મુખ્ય અધિકારી તરીકે ફરજ બજાવતા સંજયકુમાર સોનીને આંક–૧૭ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવાથી ચંચળબેન શંકરભાઇ ચુડાસમાએ આરોપીનું મકાન જર્જરીત હાલતમાં હોય ઉતારી લેવા કે કોઇ સુરક્ષીત પગલા

લેવાની અરજી તા.૦૪.૦૫.૨૦૧૩ ના રોજ આપતા તે અરજીના અનુસંધાને નગરપાલીકા તરફથી સંબંધીત કર્મચારીઓ અને ઈજનેરશ્રીએ મકાનના માલિકને ગુજરાત મ્યુનીસીપાલીટી એકટ, ૧૯૬૩ ની કલમ–૧૮૨ હેઠળ નોટીસ આપેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. આ મકાનના માલિક ધ્વારા કોઇ સુરક્ષીત પગલા લેવામાં ન આવતા ફરીથી અરજી કરવામાં આવતા મકાન માલિકને ફરીથી નોટીસ આપવામાં આવેલી હોવાની હકીકતને તેમજ મકાન માલિક તરફથી જર્જરીત મકાન ઉતારી પાડવા કોઇ પગલા લેવામાં આવેલા નહી હોવાની હકીકતને સમર્થન મળે છે. આ કામે આંક–૩ર થી સાહેદ નં. ૪ તરીકે તપાસવામાં આવેલા ફરિયાદી શંકરભાઇ બાબુભાઇ ચુડાસમાએ પોતાના જુબાનીમાં તેમનું મકાન આરોપીના મકાનને અડીને આવેલ હોવાની હકીકત તેમજ આરોપીનું મકાન વરસો જુનુ અને જર્જરીત હાલતમાં હોવાની હકીકત તેમજ આરોપીનું મકાન તેમના મકાન ઉપર પડતા ઘરમાં હાજર સાહેદોને નાની મોટી તેમજ ગંભીર ઈજાઓ થયેલ હોવાની હકીકત તેમજ બે જણાનું મૃત્યુ નિપજેલ હોવાની હકીકતને સમર્થનકારક હકીકતો જણાવેલી છે. આ ઉપરાંત આ બનાવ અંગે તેઓએ પોલીસમાં અરજી આપેલ હોવાની હકીકત જણાવેલી છે. જે અરજી આંક–૩૩ થી રજુ કરવામાં આવેલ છે. ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૫ તરીકે ચંચળબેન શંકરભાઇ ચુડાસમાને આંક–૩૪ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ ચંચળબેનની જુબાનીથી પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સંપુર્ણપણે સમર્થન મળે છે. તે જ પ્રમાણે સાહેદ નં. ૬ ઉકીબેન બાલુભાઇ ટંડેલ, સાહેદ નં. ૭ કાજલબેન અરવિંદભાઇ વસાણી, સાહેદ નં. ૮ મમતાબેન અરવિંદભાઇ વસાણી, સાહેદ નં. ૯ અરવિંદભાઇ લાલજીભાઇ વસાવા, સાહેદ નં. ૧૦ શૈલેષભાઇ ડાહ્યાભાઇ ભાલીયા, સાહેદ નં. ૧૧ લખીબેન ભાણાભાઇ મોરાદ, સાહેદ નં. ૧૨ હરેશભાઇ નરસિંહભાઇનાઓ કે જેઓએ મકાન પડતા જોયેલ છે તેઓના પુરાવાથી ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સંપુર્ણ

સમર્થન પ્રાપ્ત થાય છે. આ કામે તપાસવામાં આવેલા પોલીસ સાહેદો પી.એસ.ઓ. અને તપાસ કરનાર અધિકારીઓના પુરાવાથી પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન મળે છે. આ કામે જે પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે તે જોતાં આરોપી મકાન નં.૧૦૦૪ ના માલિક હતા અને તેમાં વસવાટ કરતા હતા અને નગરપાલીકા તરફથી તેઓને વારંવાર નોટીસો આપવા છતાં અને તેમનું મકાન જુનુ અને જર્જરીત હોવાની જાણકારી હોવા છતાં અને મકાન પડી જવાથી કોઇ વ્યકિતનું મૃત્યુ નિપજી શકે છે તેવો જ્ઞાન હોવા છતાં તે મકાન ઉતારી પાડેલ નહી અને જેના કારણે મકાન પડી જવાથી બે વ્યકિતઓનું મૃત્યુ નિપજેલ છે અને સાહેદોને ઈજાઓ થયેલ છે તેવું નિ:શંકપણે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સફળ રહેલ છે. વધુમાં આ કામે તપાસવામાં આવેલા સાહેદોની જુબાનીઓમાં કોઈ મહત્વના વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ ઉલટ તપાસમાં પણ બચાવ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આ કામે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાથી પણ સાહેદોના પુરાવાને સમર્થન પ્રાપ્ત થાય છે.  આમ, ફરિયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી આરોપ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર થતો હોઈ આરોપીને આક્ષેપીત ગુન્હા માટે તકસીરવાન ઠરાવી મહત્તમ સજા ફરમાવવા રજુઆત કરેલ છે.

<u>આરોપી પક્ષે દલીલો</u>

(૭) આરોપી તરફે વિ.વકીલશ્રીએ આંક–૬૭ થી લેખિત દલીલો રજુ કરેલ છે. તેઓની રજુઆત છે કે આ કામે બનાવવાળી જગ્યાના પંચનામાના પંચોને સાહેદ નં. ૧ તરીકે આંક–૭ થી અને સાહેદ નં. ૨ તરીકે આંક–૯ થી તપાસવામાં આવેલા છે. આ પંચ–સાહેદોએ બનાવવાળી જગ્યાના પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી. ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૩ તરીકે આંક–૧૭ થી નગરપાલીકાના ચીફ ઓફિસરને તપાસવામાં આવેલા છે. નગરપાલીકાના ચીફ ઓફિસરે પોતાની જુબાનીમાં નગરપાલીકા એકટની કલમ–૧૮૨ પાલન કરેલ

છે તે મુજબની જુબાની આપેલ છે, પરંતુ તેઓ ધ્વારા કલમ–૧૮૨ નું પાલન કરવામાં આવેલ હોવાનું જણાતુ નથી તેમજ તેમની નીચેના અધિકારી સૌરભભાઇ પટેલ જવાબદાર હોય તે મુજબની જુબાની આપી પોતે છટકવાનો પ્રયત્ન કરેલ હોવાનું જણાય છે. ચીફ ઓફિસરશ્રીએ પોતાની જુબાનીમાં ખોટી હકીકતો જણાવેલી છે. ચીફ ઓફિસરશ્રીની જુબાની તેમજ રજુ થયેલ આકારણી પત્રક વિગેરે દસ્તાવેજી પુરાવામાં વિરોધાભાસી હકીકતો જણાય છે. વધુમાં નગરપાલીકાના ચીફ ઓફિસરની જુબાનીથી આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આંક–૩૨ થી તપાસવામાં આવેલા ફરિયાદી શંકરભાઇએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે આ મકાન કેવી રીતે પડયુ તે તેમને ખબર નથી અને તેઓ બધા ઘરની અંદર હતા. તેઓએ પોતાની સરતપાસમાં વધુમાં જણાવેલ છે કે બનાવ વખતે મકાન નં.૧૦૦૪ માં બોબીભાઇ બે મજુરો લાવેલા હતા અને છાપરા ઉપર નળીયા ઉતારતા હતા અને તે વખતે મકાન પડી ગયેલુ. આવી જ હકીકત આંક–૩૪ થી તપાસવામાં આવેલા સાહેદ નં. ૪ ચંચળબેને પણ જણાવેલી છે. પરંતુ આ બંને સાહેદોએ આવી હકીકત કોર્ટમાં પ્રથમ વખત જણાવેલી છે, પોલીસ સમક્ષના નિવેદનમાં આવી કોઇ હકીકત જણાવેલ નથી. વધુમાં સાહેદ નં. ૫ ચંચળબેનના પુરાવા મુજબ જો મકાન જમીનદોસ્ત થઇ ગયેલ હોય તો તે વખતે બોબીભાઇ તથા મજુરોને પણ ઇજાઓ થવી જોઇતી હતી, પરંતુ તેઓને કોઇ ઇજા થયેલ હોવાનું જણાતુ નથી. જેથી સાહેદોનો પુરાવો શંકાસ્પદ બની રહે છે અને સ્વીકારવાપાત્ર જણાતો નથી. આ ઉપરાંત ફરિયાદી શંકરભાઇએ તા.૦૭.૦૫.૨૦૧૫ ના રોજ પોલીસમાં આપેલી જાહેરાતમાં લખાવેલ છે કે બાજુવાળુ મકાન આકસ્મિક રીતે તેમના મકાન પર પડેલ હતુ. ફરિયાદીએ એ હકીકત પણ કબુલેલ છે કે બબલાભાઇને વારસદારોને તેમની સાથે કોઇ અંગત દુશ્મનાવટ ન હતી તથા તેમના ઘરવાળાને મારી નાંખવાનો ઈરાદો ન હતો. જેથી આ કામે આરોપી સામે ઇ.પી.કોડની કલમ–

૩૦૪ ભાગ–૧ મુજબનો ગુન્હો લાગુ પડતો નથી. સાહેદ નં. ૬ ઉકીબેન, સાહેદ નં. ૭ કાલજબેન, સાહેદ નં. ૮ મમતાબેન, સાહેદ નં. ૧૦ શૈલેષભાઈ, સાહેદ નં. ૧૧ લખીબેને બનાવ કઈ રીતે બનેલ અને કોની બેદરકારી બનેલ તે બાબતે કોઇ હકીકતો જણાવેલ નથી. ફરિયાદ પક્ષ તરફે આંક–૫૦ થી તપાસ કરનાર અધિકારી ડી.એમ.વસાવાને તપાસવામાં આવેલા છે. તેઓ ધ્વારા નગરપાલીકાના જવાબદાર અધિકારી/કર્મચારીને કેમ ગુન્હાના કામે જોડેલ નથી તે અંગેનો જે ખુલાસો કરેલ છે તે ખુલાસો સ્વીકારવાપાત્ર નથી. લીગલ એડવાઈઝરનો અભિપ્રાય મૌખિકમાં હતો કે લેખિતમાં હતો તે અંગે કોઇ હકીકત જણાવેલ નથી. આ કામે તપાસ કરનાર અધિકારીએ યોગ્ય તપાસ કરેલ નથી અને નગરપાલીકાના જવાબદાર કર્મચારીઓને બચાવવાનો પ્રયત્ન કરેલ હોવાનું જણાય છે. નગરપાલીકા તરફથી મકાન માલિકને ત્રણ વખત નોટીસ આપેલ હોવા છતાં અને માલિકે નોટીસ મુજબનું વર્તન કરેલ ન હોવા છતાં નગરપાલીકા તરફથી પગલામાં ભરવામાં નહી આવતા જર્જરીત મકાન પડી ગયેલ હોઇ નગરપાલીકાના અધિકારી/કર્મચારી જવાબદાર હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે તેમ છતાં તેઓની જવાબદારી નકકી કરવામાં આવેલ નથી. આંક–૫ર થી તપાસવામાં આવેલા પી.એસ.ઓ. એ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે ફરિયાદમાં જણાવેલ છે કે સને ૨૦૧૩ ની સાલથી મકાન ઉતારવા બાબતે લેખિત રજુઆત સક્ષમ અધિકારીને કરવા છતાં બનાવ બન્યો ત્યાં સુધી તેમની રજુઆતને કોઇ ધ્યાન આપેલ નથી કે મકાન ઉતારવા બાબતે ભોગવટો કરનાર સામે કોઇ પગલા લીધેલ નથી જેના કારણે બનાવ બનેલ છે. આંક–૫૫ થી તપાસવામાં આવેલા સાહેદ નં. ૧૬ તપાસ કરનાર અધિકારી એન.આર.ગામીતે ઉલટ તપાસમાં કબુલેલ છે કે તેમની તપાસ દરમ્યાન ખુલેલ કે આ ત્રણેય ભાઈઓ બહાર ઓટલા પર સુઇ રહેતા હતા અને મજુરી કરી તથા માંગીને ખાતા હતા. આંક–૫૮ થી તપાસવામાં આવેલા સાહેદ નં. ૧૭ તપાસ કરનાર અધિકારી

પી.એમ.ચૌધરીના પુરાવાથી બનાવ આકસ્મિક રીતે બનેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ હોવા છતાં અકસ્માત મોતની જાહેરાતના તપાસ કરનાર અમલદારને બનાવ ગુન્હાહિત જણાતા ફરિયાદી પાસેથી એક વર્ષ પછી ફરિયાદ લેવામાં આવેલ છે અને નગરપાલીકાની જવાબદારી હોવા છતાં તેઓને બહાર કાઢી નાંખેલ છે. આંક–૬૧ થી તપાસવામાં આવેલ સાહેદ નં. ૧૮ એ.એસ.વસાવાએ ઉલટ તપાસમાં કબુલેલ છે કે સાહેદ ચંચળબેને તેમની રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ નથી કે બનાવના દિવસે જગદીશભાઇ અને બીજા બે–ત્રણ જણા મકાનમાં ત્રીજા માળે છાપરા પર ચઢેલા અને નળીયા ઉતારતા હતા. એ હકીકત પણ કબુલેલ છે કે જાહેરાત આપનાર શંકરભાઇએ જાહેરાતમાં એવું લખાવેલ નથી કે બનાવ વખતે મકાન નં. ૧૦૦૪ ના બોબીભાઇનાઓ બે મજુરો લાવેલા હતા અને છાપરા ઉપરના નળીયા ઉતારતા હતા. આ કામે આરોપી છાપરા ઉપર ચઢેલ હોય તેના કોઇ નજરે જોનાર સાહેદ નથી. આમ, બધા તપાસ કરનાર અધિકારીઓએ યોગ્ય દિશામાં તપાસ કરેલ નથી અને આરોપીને ખોટી રીતે ગુન્હામાં સંડોવી દીધેલા છે. આ કામના આરોપીને ભરૂચ નગરપાલીકા તરફથી કોઇ નોટીસ મળેલ નથી. સદર મકાન આરોપીના નામે નથી કે તેમાં આરોપી રહેતા ન હતા. આરોપી બનાવ વખતે હાજર ન હતા. આમ, ફરિયાદ પક્ષ તરફે જે મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે તેમાં મહત્વના વિરોધાભાસ છે અને ફરિયાદ પક્ષનો પુરાવો શંકારહિતનો અને વિશ્વસનીય અને સ્વીકારવાપાત્ર નથી તેમજ ફરિયાદ પક્ષના પુરાવામાં એક કરતા વધારે સંભાવના આવેલી છે. આમ, ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઇ આરોપીને છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૮) આ કામે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીનું મકાન વરસો જુનુ જર્જરીત હોવા છતાં અને ભરૂચ નગરપાલીકા તરફથી

મકાન ઉતારી પાડવા માટે આરોપીને નોટીસો આપવામાં આવેલ હોવા છતાં અને આરોપીને મકાન નહી ઉતારવાથી તેમજ મકાનના છાપરા ઉપર ચઢવાથી મકાન કે તેનો કોઈ ભાગ પડી જશે તેવી જાણકારી અને સંભવ હોવા છતાં બાજુના મકાનમાં રહેતા વ્યકિતઓનું મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી અથવા આવા કૃત્યથી મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરિક ઈજાઓ પહોંચાડવાના ઈરાદથી અને તેવા જ્ઞાન સાથે આરોપીએ પોતાનુ જર્જરીત મકાન નહી ઉતારી તા.૦૭.૦૫.૨૦૧૫ ના રોજ કલાક ૧૨.૦૦ વાગે મજુરોને બોલાવી પોતાનુ મકાન નં. ૧૦૦૪ માં ટેકા લગાવ્યા વિના બેદરકારી તથા ગફલતભરી રીતે નળીયા ઉતારતા, આરોપીના મકાનની દિવાલ ફરિયાદીના મકાન નં. ૧૦૦૩ ઉપર ધસી પડતા ફરિયાદી અને સાહેદો કાટમાળ નીચે દબાઈ જતા ભાવેશભાઈ અને મિત્તલબેનનું મૃત્યુ નિપજાવી તેમજ સાહેદ અરવિંદભાઈને પગમાં ફ્રેકચરની ગંભીર ઈજા પહોંચાડી તેમજ અન્ય સાહેદોને નાની–મોટી ઈજાઓ પહોંચાડી સાપરાધ મનુષ્ય વધ કરી ઈ.પી.કોડની કલમ–૩૦૪ ભાગ–૧ તથા ૩૦૮ મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. ઈ.પી.કોડની કલમ–૩૦૪ ભાગ–૨ તથા ૩૦૮ મુજબનો ગુન્હો પુરવાર થાય છે.

૨. આખરી હુકમ મુજબ

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદ્દા નંબર : ૧ ની ચર્ચા અને પુરાવાનું વિશ્લેષણ :</u>**

(૧૦) આ કામે ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં અને તેનું વિશ્લેષણ કરતા પહેલા એ હકીકત ધ્યાને લેવી જરૂરી જણાય છે કે ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત

અનુસાર આરોપી વિરૂધ્ધનો ગુન્હો જયાં સુધી નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાં આરોપી નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન કરવાનું રહે છે. પુરાવાનું મુલ્યાંકન કરવા અંગેની કાયદામાં કોઈ ચોકકસ માર્ગદર્શીકા નથી, પરંતુ દરેક કેસના અને હકીકતના સંદર્ભે રજુ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે. પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે અદાલતે સાહેદોના ભણતર, સામાજીક મોભો, સામાજીક પરિસ્થિતિ, બૌધ્ધિક સ્તર વિગેરે બાબતો ધ્યાને લઈ મૂલ્યાંકન કરવાનું હોય છે. સામાન્ય વિરોધાભાસ કયારેક પુરાવામાં આવતા હોય છે પરંતુ આવા વિરોધાભાસ કેસના ગુણદોષને અસર કરતા ન હોય તો તે ફરિયાદ પક્ષના કેસને ઘાતક બનતા નથી અને આવા વિરોધાભાસ અદાલતે અવગણવાના રહે છે, પરંતુ મહત્વના વિરોધાભાસ કે જે કેસના ગુણદોષને અસર કરતા હોય ત્યારે અદાલતે તે ધ્યાને લેવાના હોય છે. ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર અને ભારતીય ન્યાય પ્રણાલીમાં "Falsus in uno falsus in omnibus" એટલે કે એક વાતમાં ખોટુ તે સર્વત્ર ખોટુ તે સિધ્ધાંત સ્વીકારવામાં આવેલ નથી. અદાલતે એ બાબત પણ ધ્યાને લેવાની રહે છે કે ઘણા સમય બાદ સાહેદો જુબાની આપતા હોય છે જેથી જે તે સાહેદની શૈક્ષણિક લાયકત, યાદશકિત, અવલોકન શકિત, બનાવનો પ્રકાર અને બનાવની ગંભીરતા વિગેરે બાબતો પણ મહત્વપુર્ણ બની રહે છે. બહુ જુજ સાહેદો એવા મળી આવે છે કે જેઓના પુરાવામાં અસત્યનો અંશ, અતિશયોકિત, સાચી હકીકત સાથે અન્ય ખોટી હકીકતોનું મિશ્રણ કે શણગાર ન હોય. આવા સંજોગોમાં અદાલતની એ ફરજ છે કે આવા પુરાવાનું સાવચેતી તેમજ બારીકાઈપુર્વક ચકાસણી કરી અને જેમ ઘઉમાંથી કાંકરા વિણે તેમ અસત્યમાંથી સત્ય તારવી લેવામાં આવે.

(૧૧) વધુમાં સાહેદોના પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે એ બાબત ધ્યાને લેવી જરૂરી છે કે દરેક વ્યકિત અલગ અલગ પરિસ્થિતિમાં એક જ રીતે વર્તે તે જરૂરી નથી. દરેક વ્યકિતનું માનસિક સંતુલન, તેઓમાં રહેલો ભય વિગેરેને પણ ધ્યાનમાં લેવા જરૂરી છે. દરેક માનવીની વર્તણૂંક

એક જ પરિસ્થિતિમાં વ્યકિતએ વ્યકિતએ અલગ અલગ હોઇ શકે છે અને સામાન્ય વર્તણૂંકની કોઇ ચોકકસ રીત હોતી નથી અને તેથી નજરે જોનાર સાહેદોનો પુરાવો એ કારણસર નકારી શકાય નહી કે તેઓ ચોકકસ પરિસ્થિતિમાં ચોકકસ રીતે વર્તેલ નથી. આ તમામ બાબતો ધ્યાને લઇ અદાલતે પુરાવાનું મૂલ્યાંકન પાયાના સુસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લઈને આ કામે કરેલ છે. આ તબકકે ના.સર્વોચ્ચ અદાલતનો એ.આઈ.આર. ૨૦૦૪ એસ.સી. ૩૬૯૦ – સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ વિરૂધ્ધ દેવેન્દ્રસિંહનો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. આ ચુકાદાના ફકરા–૬ માં નીચે મુજબ ઠરાવેલ છે.

"In view of the rival submissions it has to be first seen whether prosecution has established its case. Strictly speaking, the case is not of circumstantial evidence. Human behavior varies from person to person. Different people behave and react differently in different situations. Human behaviour depends upon the facts and circumstances of each given case. How a person would react and behave in a particular situation can never be predicted. Every person who witnesses a serious crime reacts in his own way. Some are stunned, become speechless and stand rooted to the spot. Some become hysteric and start wailing. Some start shouting for help. Others run away to keep themselves as far removed from the spot as possible. Yet others rush to the rescue of the victim, even going to the extent of counter-attacking the assailants. Some may remain tightlipped overawed either on account of the antecedents of the assailant or threats given by him. Each one reacts in his special way even in similar circumstances, leave alone, the varying nature depending upon variety of circumstances. There is no set

rule of natural reaction. To discard the evidence of a witness on the ground that he did not react in any particular manner is to appreciate evidence in a wholly unrealistic and unimaginative way." વધુમાં આ તબકકે ૨૦૨૩(૫) સ્કેલ ૧૪૧ – બાલુ સુદામ ખલડે વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્રનો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. આ ચુકાદામાં ના.સર્વોચ્ચ અદાલતે નીચે મુજબ ઠરાવેલ છે.

"**25.** The appreciation of ocular evidence is a hard task. There is no fixed or straight-jacket formula for appreciation of the ocular evidence. The judicially evolved principles for appreciation of ocular evidence in a criminal case can be enumerated as under:

“I. While appreciating the evidence of a witness, the approach must be whether the evidence of the witness read as a whole appears to have a ring of truth. Once that impression is formed, it is undoubtedly necessary for the Court to scrutinize the evidence more particularly keeping in view the deficiencies, drawbacks and infirmities pointed out in the evidence as a whole and evaluate them to find out whether it is against the general tenor of the evidence given by the witness and whether the earlier evaluation of the evidence is shaken as to render it unworthy of belief.

II. If the Court before whom the witness gives evidence had the opportunity to form the opinion about the general tenor of evidence given by the witness, the appellate court which had not this benefit will have to attach due weight to the appreciation of evidence by the trial court and unless there are reasons weighty and formidable it would not be proper to reject the evidence on the ground of minor variations or infirmities in the matter of trivial

details.

III. When eye-witness is examined at length it is quite possible for him to make some discrepancies. But courts should bear in mind that it is only when discrepancies in the evidence of a witness are so incompatible with the credibility of his version that the court is justified in jettisoning his evidence.

IV. Minor discrepancies on trivial matters not touching the core of the case, hyper technical approach by taking sentences torn out of context here or there from the evidence, attaching importance to some technical error committed by the investigating officer not going to the root of the matter would not ordinarily permit rejection of the evidence as a whole.

V. Too serious a view to be adopted on mere variations falling in the narration of an incident (either as between the evidence of two witnesses or as between two statements of the same witness) is an unrealistic approach for judicial scrutiny.

VI. By and large a witness cannot be expected to possess a photographic memory and to recall the details of an incident. It is not as if a video tape is replayed on the mental screen.

VII. Ordinarily it so happens that a witness is overtaken by events. The witness could not have anticipated the occurrence which so often has an element of surprise. The mental faculties therefore cannot be expected to be attuned to absorb the details.

VIII. The powers of observation differ from person to person. What one may notice, another may not. An object

or movement might emboss its image on one person's mind whereas it might go unnoticed on the part of another.

IX. By and large people cannot accurately recall a conversation and reproduce the very words used by them or heard by them. They can only recall the main purport of the conversation. It is unrealistic to expect a witness to be a human tape recorder.

X. In regard to exact time of an incident, or the time duration of an occurrence, usually, people make their estimates by guess work on the spur of the moment at the time of interrogation. And one cannot expect people to make very precise or reliable estimates in such matters. Again, it depends on the time-sense of individuals which varies from person to person.

XI. Ordinarily a witness cannot be expected to recall accurately the sequence of events which take place in rapid succession or in a short time span. A witness is liable to get confused, or mixed up when interrogated later on.

XII. A witness, though wholly truthful, is liable to be overawed by the court atmosphere and the piercing cross examination by counsel and out of nervousness mix up facts, get confused regarding sequence of events, or fill up details from imagination on the spur of the moment. The sub-conscious mind of the witness sometimes so operates on account of the fear of looking foolish or being disbelieved though the witness is giving a truthful and honest account of the occurrence witnessed by him.

XIII. A former statement though seemingly inconsistent

with the evidence need not necessarily be sufficient to amount to contradiction. Unless the former statement has the potency to discredit the later statement, even if the later statement is at variance with the former to some extent it would not be helpful to contradict that witness.” [See Bharwada Bhoginbhai Hirjibhai v. State of Gujarat 1983 Cri LJ 1096 : (AIR 1983 SC 753) Leela Ram v. State of Haryana AIR 1995 SC 3717 and Tahsildar Singh v. State of UP (AIR 1959 SC 1012)]"

27. In assessing the value of the evidence of the eyewitnesses, two principal considerations are whether, in the circumstances of the case, it is possible to believe their presence at the scene of occurrence or in such situations as would make it possible for them to witness the facts deposed to by them and secondly, whether there is anything inherently improbable or unreliable in their evidence. In respect of both these considerations, circumstances either elicited from those witnesses themselves or established by other evidence tending to improbabilise their presence or to discredit the veracity of their statements, will have a bearing upon the value which a Court would attach to their evidence. Although in cases where the plea of the accused is a mere denial, the evidence of the prosecution witnesses has to be examined on its own merits, where the accused raise a definite plea or put forward a positive case which is inconsistent with that of the prosecution, the nature of such plea or case and the probabilities in respect of it will also have to be taken into account while assessing the value of the prosecution evidence."

આમ, ઉપરોકત ચુકાદો ધ્યાને લેતાં રેકર્ડ ઉપર આવેલ સામાન્ય વિરોધાભાસ અવગણવાના રહે છે. સાહેદો ફોટોગ્રાફીક મેમરી (છબી જેવી યાદશકિત) ધરાવતા હોતા નથી અને તેઓ ટેપ રેર્કોડરની માફક જુબાની આપે તે સંભવ નથી. સાહેદો ઘણા સમય બાદ અદાલતમાં જુબાની આપતા હોય છે જેથી બનાવ બનવાની રીત, ક્રમ, પધ્ધતિ કે બનાવનો ચોકકસ સમય જણાવવામાં સામાન્ય તફાવત આવે જે સહજ છે. બનાવ અચાનક જ બનેલો હોય છે અને તેથી દરેક સાહેદ પોતાની માનસિક સ્થિતિના આધારે તે બનાવને યાદ રાખતા હોય છે અને પોતાની યાદશકિત અને અવલોકનશકિત મુજબ તેનો પુરાવો રેકર્ડ ઉપર આપતા હોય છે. દરેક સાક્ષીઓની અવલોકન શકિત અલગ અલગ હોય છે. જે બનાવની હકીકત એક સાહેદે જોયેલ હોય તે અન્ય સાહેદોએ ન પણ અનુભવેલ હોય, જેથી બનાવ બનેલો જ નથી તેમ કહી શકાય નહી. દરેક સાહેદ ચોકકસ ક્રમબધ્ધ દરેક હકીકતોનું પુનરાવર્તન કરે તે શકય નથી અને જરૂરી પણ નથી. વધુમાં સાહેદો ઘણા સમય પછી જુબાની આપતા હોય છે અને ઉલટ તપાસમાં કરવામાં આવતા પ્રશ્નો અંગે મુંઝવણ અનુભવતા હોય છે અને પોતે આપેલ જવાબથી પોતે અન્યની હાજરીમાં મુર્ખ સાબિત ન થાય તેમજ તેઓએ જણાવેલી હકીકતો માનવામાં નહી આવે તેવી સ્થિતિ પણ સર્જાતી હોય છે અને તે કારણસર નજરે જોનાર સાહેદોના પુરાવાને અવગણી શકાય નહી. વધુમાં સાહેદોએ પોતાના અગાઉના નિવેદનથી વિપરીત હકીકતો અદાલત રૂબરૂ જણાવેલ હોવા માત્રથી તેઓનો પુરાવો ખોટો છે તેમ કહી શકાય નહી તેમજ એક સાહેદના પુરાવાને અન્ય સાહેદોના પુરાવામાં રહેલ વિરોધાભાસને કારણે ખોટો છે તેવું કહી શકાય નહી. નજરે જોનાર સાહેદનો પુરાવો એ વધુ પુરાવાકીય મૂલ્ય ધરાવે છે, સિવાય કે એવી હકીકત રેકર્ડ ઉપર આવેલ હોય કે તેમનો પુરાવો ખોટો અને ઉપજાવી કાઢેલ છે. વધુમાં નજરે જોનાર સાહેદોના પુરાવાથી તેઓની હાજરી બનાવ સમયે પ્રસ્થાપિત થાય છે તેમજ ઈજા પામનાર પોતે કે તેઓના સગાઓ

સાચા આરોપીને કયારે છોડતી નથી અને નિર્દોષ વ્યકિતને કયારે ગુન્હામાં સંડોવતી નથી. નજરે જોનાર સાહેદોના પુરાવામાં જો કોઇ વિસંગતા અને અતિશયોકિત હોય તો તેટલા પુરતો પુરાવો અવગણી શકાય, પરંતુ સમગ્ર પુરાવો અવગણી શકાય નહી. આમ, નજરે જોનાર સાહેદોનો સમગ્ર પુરાવો ધ્યાને લેવાનો રહે છે અને સામાન્ય વિરોધાભાસ કે જે ઘણા સમય બાદ અદાલતમાં જુબાની આપવામાં આવતી હોવાના કારણે યાદશકિત મજબુત નહી હોવાના કારણે આવતા હોય તો તેને અવગણવાના રહે છે.

(૧૨) આ કામે રજુ થયેલ પુરાવાનું વિશ્લેષણ કરતા પહેલા આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબનું નિવેદન લેવામાં આવેલ છે તેમાં આરોપીએ જે બચાવ લીધેલ છે તે ધ્યાને લેવો જરૂરી જણાય છે. આરોપીએ સવાલ–પ ના જવાબમાં જણાવેલ છે કે ''નગરપાલીકાને ચંચળબેન તરફથી પત્ર લખેલ હોય તે બાબતે મને માહિતી નથી અને અમને કોઇ નોટીસ નગરપાલીકા તરફથી મળેલ નથી.'' સવાલ નં. ૮ ના જવાબમાં જણાવેલ છે કે ''અમોને કોઇ નોટીસ આપેલ નથી અને કોર્ટ કેસ બાબતે અમને કોઇ સમનસ મળેલ નથી અને તે બાબતે અમને કોઇ જાત માહિતી નથી.'' સવાલ નં. ૧૧ અને સવાલ નં. ૧૨ ના જવાબમાં જણાવેલ છે કે બનાવ સમયે તેઓ હાજર ન હતા તેમજ તેઓ મકાનમાં રહેતા ન હતા અને મકાન તેમના નામે ન હતુ. તેઓ કોઇ મજુરો લાવેલ ન હતા કે છાપરા પરના નળીયા ઉતારતા ન હતા. સવાલ નં. ૧૭ ના જવાબમાં જણાવેલ છે કે દિવાલ આકસ્મિક રીતે પડતા બનાવ બનેલ છે. આરોપીએ સવાલ નં. ૨૮ ''જે મકાન પડેલુ તે ત્રણ માળનું હતુ અને જે મકાન ઉપર પડેલુ તે સીંગલ માળનું હતુ'' તેના જવાબમાં એ વાત ખરી હોવાનુ જણાવેલ છે. આ ઉપરાંત સવાલ નં. ૩૩ ''ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.૧૫ કુંવરજીભાઇ ભાવસીંગભાઇએ આંક–પર ની જુબાનીમાં જણાવેલ છે કે ફરિયાદીએ તેમની ફરિયાદ મકાનનો કબજો ભોગવટો ભોગવનાર જગદીશભાઇ

ઉર્ફે લાલો બબલાભાઈ મિસ્ત્રી, અંકુર ઉર્ફે અરવિંદભાઈ બબલાભાઈ મિસ્ત્રી તથા પોલિસ તપાસ માં ભરૂચ નગર પાલિકાના જે તે અધિકારી કર્મચારી જવાબદાર નીકળે તેમના વિરૂદ્ધ લખાવેલી. તેમણે ફરિયાદ નોંધ્યા બાદ તેની સ્ટેશન ડાયરીમા નોંધ કરેલી. ત્યારબાદ ગુન્હાની આગળની તપાસ પીએસઆઈશ્રી વસાવાને સોંપેલી.'' તેના જવાબમાં એ વાત ખરી હોવાનું જણાવેલ છે.

(૧૩) ફરિયાદ પક્ષે આરોપી સામેનો આક્ષેપીત ગુન્હો પુરવાર કરવા માટે સાહેદ નં. ૧ તરીકે રાજુભાઈ બચુભાઈ વસાવાને આંક–૭ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ આંક–૮ થી રજુ થયેલ ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચ છે. આ પંચ–સાહેદે પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી.

(૧૪) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૨ તરીકે હરીભાઈ મગનભાઈ બારૈયાને તપાસવામાં આવેલા છે. આ સાહેદ કોર્ટ કમિશ્નરશ્રીએ બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલુ તે પંચનામાના પંચ છે. પરંતુ આ પંચ–સાહેદે પણ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી.

(૧૫) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૩ તરીકે ભરૂચ નગરપાલીકામાં મુખ્ય અધિકારી તરીકે ફરજ બજાવતા સંજયકુમાર ગીસુલાલ સોનીને આંક–૧૭ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ તેઓ ભરૂચ નગરપાલીકામાં તા.૦૯.૦૬.૨૦૧૧ થી તા.૦૭.૧૧.૨૦૧૪ દરમ્યાન મુખ્ય અધિકારી તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ચંચળબેન શંકરભાઈ ચુડાસમાની ભરૂચ વેજલપુર વિસ્તારના ઘર નં. ડી/૧૦૦૪ જર્જરીત હાલતમાં હોઈ તેને ઉતારી લેવા કે અન્ય જરૂરી સુરક્ષીત પગલા લેવા બાબતે તા.૦૪.૦૫.૨૦૧૩ ના રોજની અરજી મળેલી. આ અરજી આધારે મકાન નં. ડી/૧૦૦૪ ના મકાન માલિક બબલાભાઈ ખોડાભાઈ મિસ્ત્રીને ગુજરાત મ્યુનીસીપાલીટી એકટની કલમ–૧૮૨ હેઠળ તા.૦૩.૦૬.૨૦૧૩ ના રોજ નોટીસ આપેલી. ત્યારબાદ તા.૧૬.૦૭.૨૦૧૩ ના રોજ ચંચળબેન તરફથી બીજી

વખત અરજી આપેલી જે તેઓને તા.૨૩.૦૭.૨૦૧૩ ના રોજ મળેલ. જેથી મકાન નં. ડી–૧૦૦૪ ના માલિકને બીજી નોટીસ તા.૨૯.૦૭.૨૦૧૩ ના રોજ આપેલી. ત્યારબાદ તા.૧૫.૦૨.૨૦૧૪ ના રોજ મકાન નં. ડી–૧૦૦૪ ના માલિકને છેવટની નોટીસ આપવામાં આવેલી. બનાવ બાદ મિલકત નં. ડી–૧૦૦૪ ના અનુસંધાનમાં ભરૂચ બી–ડીવીઝન પોલીસ સ્ટેશન તરફથી ભરૂચ નગરપાલીકામાંથી પત્રો–નોટીસોની માહિતી માંગવામાં આવેલી જેથી તેઓએ માહિતી આપેલી.

૧૫.૧ બચાવ પક્ષ તરફે સાહેદ નં. ૩ સંજયકુમાર સોનીની ઉલટ તપાસ કરવામાં આવેલ છે. ઉલટ તપાસમાં આ સાહેદને આંક–૧૮ વાળો પત્ર બતાવવામાં આવતા તે જોઇને જણાવેલ છે કે ચંચળબેને ચીફ ઓફિસરને ઉદ્દેશીને લખેલ પત્ર છે અને તેના પાછળના ભાગે આસીસ્ટન્ટ એન્જીનીયરની તા.૦૧.૦૬.૨૦૧૩ ના રોજની સ્થળ નિરીક્ષણ કર્યા બાદની નોંધ છે અને તે નોંધ મુજબ ''મિલકતનું બાંધકામ જુનુ છે. પહેલા માળ ઉપરનો ભાગ દક્ષિણ બાજુની દિવાલ આ મકાનથી છુટી પડેલ છે. દક્ષિણ અને પુર્વ બાજુનો ખુલો અલગ પડી ગયેલ છે. આ મિલકતના કોલમ અને બીમ લાકડાના સપોર્ટ છે. આ દિવાલની ઉંચાઇ વધારે છે તેથી તે ભાગ ઉતારવો પડે તેમ છે.'' આ સાહેદે ઉલટ તપાસમાં કબુલેલ છે કે મકાન માલિકને જે નોટીસ આપેલી તેમાં ઉપરોકત હકીકતની નોંધ કરેલ છે. એ હકીકત કબુલેલ છે કે તા.૦૩.૦૬.૨૦૧૩,તા.૨૯.૦૭.૨૦૧૩ અને તા.૧૫.૦૨.૨૦૧૪ ના રોજ નોટીસો આપેલ છે અને તમામ નોટીસોમાં જો મકાન માલિક દિન–૩ માં નોટીસમાં જણાવેલ ભયજનક ભાગ ઉતારી નાંખે નહી તો ગુજરાત મ્યુનીસીપાલીટી એકટની કલમ–૧૮૨ મુજબ ભયજનક ભાગ નગરસેવા સદન મકાનના માલિકના ખર્ચે અને જોખમે ઉતરાવી નાંખશે એવી નોંધ કરેલ છે. ઉલટ તપાસની આ હકીકતો જોતાં આરોપીનું મકાન જર્જરીત હાલમાં હોવાનું, મિલકતનું બાંધકામ જુનુ હોવાનું, પહેલા માળ ઉપરનો ભાગ દક્ષિણ બાજુની દિવાલ મકાનથી

છુટી પડેલ છે, દક્ષિણ અને પુર્વ બાજુનો ખુણો અલગ પડી ગયેલ છે અને દિવાલની ઉંચાઇ વધારે હોવાથી તે ભાગ ઉતારવો પડે તેવી મકાનની સ્થિતિ હોવાની હકીકતને સમર્થન મળે છે.

૧૫.૨ આરોપી તરફે એવો બચાવ લેવામાં આવેલ છે કે તેમને નગરપાલીકા તરફથી કોઇ નોટીસ મળેલ નથી તેમજ ચંચળબેને નગરપાલીકામાં અરજી કરેલ હોય તો તેની તેમને જાણ નથી. આ સંદર્ભે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો જોતાં નગરપાલીકાના ચીફ ઓફિસર સાહેદ નં. ૩ નાએ ઉલટ તપાસમાં એ હકીકત નકારેલ છે કે મકાન માલિકને નગરપાલીકાથી આપવામાં આવેલ નોટીસ મળેલ નથી. આ મકાન માલિક સહી નહી પરંતુ અંગુઠો કરતા હતા તેની તેમને જાણ નથી. આ કામે આંક–૧૯ થી રજુ થયેલ ભરૂચ નગરપાલીકાની નોટીસની સ્થળપ્રત જોતાં આ નોટીસ તા.૦૩.૦૬.૨૦૧૩ ના રોજ બબલાભાઇ ખોડાભાઇ મકાન નં. ડી–૧૦૦૪, વેજલપુર પોપટીખાડી, ભરૂચને મકાન જુનુ અને જર્જરીત હોઇ તાકીદે ઉતારવા માટે આપેલ હોવાનું અને આ નોટીસમાં જગદીશભાઇના નામની સહી હોવાનું જણાય છે. આંક–૨૧ થી રજુ થયેલ નોટીસની સ્થળપ્રત વંચાણે લેતાં તા.૨૯.૦૭.૨૦૧૩ ના રોજ બબલાભાઇ ખોડાભાઇ મિસ્ત્રીને મ.નં. ડી–૧૦૦૪, વેજલપુર, પોપટીખાડી, ભરૂચના સરનામે આપેલ હોવાનું જણાય છે. આંક–૨૨ થી રજુ થયેલ નોટીસની સ્થળપ્રત જોતાં તા.૧૫.૦૨.૨૦૧૪ ના રોજ બબલાભાઇ ખોડાભાઇ મિસ્ત્રીને મ.નં.ડી/૧૦૦૪, વેજલપુર, પોપટી ખાડી, ભરૂચના સરનામે નોટીસ આપેલ હોવાનું જણાય છે. આંક–૨૫ થી રે.દિ.મુ.નં.૪૯/૨૦૧૪ ની દાવા અરજી અને દાવાના કામે પ્રતિવાદી નં. ૪ નાએ રજુ કરેલ જવાબની નકલ વંચાણે લેતાં મકાન નં.૧૦૦૩ ના માલિક ચંચળબેન શંકરભાઇ અને શંકરભાઇ બાબુભાઇ ચુડાસમાએ આ કામના આરોપી જગદીશભાઇ ઉર્ફે લાલભાઇ બબલાભાઇ, રમેશભાઇ બબલાભાઇ, અંકુરભાઇ બબલાભાઇ અને ચીફ ઓફિસર, ભરૂચ નગરપાલીકા વિરૂધ્ધ તાત્કાલીક ધોરણે આદેશાત્મક હુકમ આપવા માટેનો

તા.૧૦.૦૨.૨૦૧૪ ના રોજ દાવો દાખલ કરી દાદ માંગેલ હોવાનું અને તે દાવાના કામે ચીફ ઓફિસર તરફથી જવાબ રજુ કરવામાં આવેલ હોવાનું છે. આ દાવા અરજીમાં તેમજ જવાબમાં જે હકીકતો દર્શાવેલી છે તેનાથી પણ આ કામના આરોપીને નોટીસની બજવણી કરવામાં આવેલ હોવાનું જણાય છે.

૧૫.૩ સાહેદ નં. ૩ ચીફ ઓફિસર સંજયકુમાર સોનીના આંક–૧૭ ના પુરાવાથી ભરૂચ નગરપાલીકા તરફથી મકાન નં. ડી–૧૦૦૪ ના માલિક અને કબજો ધરાવનારાઓને તા.૦૩.૦૬.૨૦૧૩, તા.૨૯.૦૭.૨૦૧૩ અને તા.૧૫.૦૨.૨૦૧૪ ના રોજ નોટીસો આપેલ હોવાનું અને તે નોટીસોની ધોરણસરની બજવણી થયેલ હોવાનું પુરવાર થાય છે. જેથી આરોપીને નોટીસની બજવણી થયેલ નથી તેવી આરોપીના વિ.વકીલશ્રીની રજુઆત સ્વીકારપાત્ર નથી. આ ઉપરાંત આરોપી તરફથી તેઓનું મકાન વરસો જુનુ અને જર્જરીત ન હતુ તેવો કોઇ બચાવ લેવામાં આવેલ હોવાનું જણાતુ નથી.

૧૫.૪ આરોપી તરફે એવો બચાવ લેવામાં આવેલ છે કે આ કામનો બનાવ ભરૂચ નગરપાલીકાના ચીફ ઓફિસરની બેદરકારીથી અને કલમ–૧૮૨ નું પાલન નહી કરવાના કારણે બનેલ છે. પરંતુ ભરૂચ નગરપાલીકાના ચીફ ઓફિસરને આખી ભરૂચ નગરપાલીકાનો વહીવટ કરવાનો હોય છે તેવા સંજોગોમાં નગરપાલીકા ધ્વારા આરોપીનું મકાન ઉતારેલ નહી હોવા બાબતે નગરપાલીકાના ચીફ ઓફિસર કે અન્ય કોઇ અધિકારી/કર્મચારી ધ્વારા ગુન્હાહિત કૃત્ય કરેલ હોય કે ફોજદારી કાર્યવાહી કરી શકાય તેવું કોઇ કૃત્ય કરવામાં આવેલ હોય તેવું કહી શકાય નહી.

(૧૬) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૪ તરીકે શંકરભાઇ બાબુભાઇ ચુડાસમાને આંક–૩૨ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ તા. ૦૭.૦૫.૨૦૧૫ ના રોજ બપોરના તેઓ તથા તેઓના ઘરના તમામ સભ્યો હાજર હતા તે વખતે તેઓની બાજુનુ ત્રણ માળનુ મકાન જર્જરીત હાલતમાં હતુ તે તેઓના મકાન પર પડેલુ, જેમાં

તેઓના ઘરમાં તેઓનો છોકરો ભાવેશ, તેઓના ઘરે આવેલ મહેમાન તેઓના સાઢુભાઈ અરવિંદભાઈ, કાજલબેન, મિતલબેન, મમતાબેન દબાઈ ગયેલા. તેઓ બધા ઘરની અંદર હતા. તેમનો દિકરો ભાવેશ દબાઈ ગયેલો અને તે જ વખતે મરી ગયેલો. તેમના સાઢુ અરવિંદભાઈની દિકરી મિતલબેનને ભરુચ સીવીલ હોસ્પીટલ લઈ ગયેલા અને ત્યાંથી સુરત સીવીલ હોસ્પીટલ લઈ જતા રસ્તામાં મરણ ગયેલ. આ બનાવમાં તેઓના સાઢુ અરવિંદભાઈ, સાસુ ઉકીબેન, તેઓના પત્ની ચંચળબેન, અરવિંદભાઈની દિકરી મમતાબેનને વધુ ઈજા થયેલી. તેઓને, તેઓનો બીજો દિકરો ભરત અને અરવિંદભાઈના દિકરાને સાદી ઈજાઓ થયેલી. બાજુવાળુ ઘર જે તેમના ઘર પડેલુ તેનો મકાન નં. ૧૦૦૪ હતો. આ મકાન બબલાભાઈ ખોડાભાઈ મિસ્ત્રીનુ હતુ. બબલાભાઈનો દિકરો બોબી બનાવ વખતે તે મકાનમાં રહેતો હતો. તેનો ધંધો કલરકામ કરવાનો હતો. બનાવ બન્યો ત્યારે બબલાભાઈ હયાત ન હતા અને તેમનુ મરણ થયેલુ હતુ. બનાવ વખતે મકાન નં. ૧૦૦૪ માં બોબીભાઈ બે મજુરો લાવેલા હતા અને છાપરા ઉપરના નળીયા ઉતારતા હતા અને તે વખતે મકાન પડી ગયેલુ.

૧૬.૧ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં સાહેદ શંકરભાઈએ એ હકીકત કબુલેલ છે કે તેમનું મકાન માટીના લીંપણવાળુ હતુ. એ હકીકત કબુલેલ છે કે તેમના મહોલ્લાના ઘણા બધા મકાનો જર્જરીત હાલતમાં છે. તેમની આંક–૩૩ વાળી જાહેરાતમાં બોબીભાઈ મજુરો લાવી તેઓના મકાનમાં કામ કરતા હતા તેવું લખાવેલ નથી. એ હકીકત કબુલેલ છે કે બાજુવાળા મકાનમાં તે વખતે કોઈ રહેતા ન હતા. એ હકીકત કબુલેલ છે કે બાજુવાળુ મકાન બબલાભાઈનુ હતુ તેના કોઈ લેખિત આધાર તેમણે પોલીસને આપેલ નહી. એ હકીકત કબુલેલ છે કે તેમણે જાહેરાતમાં એવું લખાવેલ કે બાજુવાળુ મકાન આકસ્મિક રીતે તેમન મકાન પર પડેલ હતુ. એ હકીકત કબુલેલ છે કે તા.૦૭.૦૫.૨૦૧૫ ના રોજ જાહેરાત આપ્યા બાદ તેઓ ફરી વખત

પોલીસને મળેલ નથી. એ હકીકત નકારેલ છે કે કોની બેદરકારીથી બનાવ બનેલો તે તેઓ કહી શકે નહી. એ હકીકત નકારેલ છે કે તેમનું મકાન જર્જરીત હતુ. આ સાહેદ ધ્વારા ઉલટ તપાસમાં સ્વીકારવામાં આવેલી હકીકતો તરફ ધ્યાન દોરી આરોપીના વિ.વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે આરોપી બનાવ વખતે મજુરો લાવી મકાનમાં કામ કરતા હતા તે જણાતુ નથી તેમજ મકાનમાં તે વખતે કોઈ રહેતા ન હતા તેમજ આ મકાન આકસ્મિક રીતે પડી ગયેલ તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે અને આંક–૩૩ ની જાહેરાતમાં પણ લાલાભાઈ બબલાભાઈ મિસ્ત્રીનું મકાન જુનુ હોય આકસ્મિક રીતે તેની દિવાલ ફરિયાદીના મકાન ઉપર ધસી પડેલ હોવાની હકીકત જણાવેલ છે. જેથી આરોપીનું કોઈ ગુન્હાહિત કૃત્ય પુરવાર થતુ ન હોઈ આરોપીને આક્ષેપીત ગુન્હામાં તકસીરવાન ઠરાવી શકાય નહી. પરંતુ આરોપીના વિ.વકીલશ્રીની આ રજુઆત સ્વીકારી શકાય તેમ નથી. કારણ કે ફરિયાદી શંકરભાઈએ ઉલટ તપાસમાં એ હકીકત નકારેલ છે કે કોની બેદરકારીથી બનાવ બનેલો તે તેઓ કહી શકે નહી. આંક–૫૫ થી તપાસવામાં આવેલા સાહેદ નં. ૧૬ તપાસ કરનાર અધિકારી એન.આર.ગામીતે ઉલટ તપાસમાં કબુલેલ છે કે તેમની તપાસ દરમ્યાન ખુલેલ કે આ ત્રણેય ભાઈઓ બહાર ઓટલા પર સુઈ રહેતા હતા અને મજુરી કરી તથા માંગીને ખાતા હતા. ઉલટ તપાસની આ કબુલાતથી આરોપી પોતાના મકાનના ઓટલા પર સુઈ રહેતા હતા તેવું રેકર્ડ ઉપર આવેલ છે. આ ઉપરાંત આંક–૧૭ થી તપાસવામાં આવેલ મુખ્ય અધિકારી સંજયકુમાર સોનીના પુરાવાથી તેમજ તેઓની જુબાનીમાં રજુ થયેલ દસ્તાવેજી પુરાવાથી મકાન નં.૧૦૦૪ જુનુ અને જર્જરીત હાલતમાં અને તે ત્રણ માળનું હતુ અને પહેલા માળના ઉપરના ભાગની દક્ષિણ બાજુની દિવાલ મકાનથી છુટી પડી ગયેલ, દક્ષિણ અને પુર્વ બમાજુનો ખુલો અલગ પડી ગયેલ, દિવાલની ઉંચાઈ વધારે હોવાથી તે ભાગ ઉતારી લેવો પડે તેવો હતો વિગેરે હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે. આ ઉપરાંત બનાવ વખતે મકાનના મુળ

માલિક બબલાભાઈ કે જેઓ આરોપીના પિતા છે તેઓ ગુજરી ગયેલા હતા અને આ મકાન આરોપીના કબજામાં હતુ. આ ઉપરાંત ભરૂચ નગરપાલીકા તરફથી ત્રણ વખત નોટીસ આપીને મકાન ઉતારી લેવાની સુચના આપવામાં આવેલી તેમ છતાં આરોપીએ પોતાનુ જુનુ અને જર્જરીત મકાન ઉતારેલ નહી અને તે કારણે મકાન પડી જવાથી બનાવ બનેલો. મકાન ઉતારવામાં નહી આવે તો મકાન પડી શકે છે અને જેનાથી કોઇ મૃત્યુ નિપજી શકે તેવી શારીરિક ઈજાઓ નિપજી શકે છે તેવો સંભવ અને તેવી જાણકારી આરોપીને હતી. જેથી બનાવ વખતે આરોપી આ મકાનમાં રહેતા હતા કે રહેતા ન હતા તે મહત્વનું નથી. વધુમાં આરોપી બનાવ વખતે ત્યાં હાજર હતા કે ન હતા તે પણ મહત્વનું રહેતુ નથી. પરંતુ આ કામે રેકર્ડ ઉપર જે પુરાવો રજુ થયેલ છે તે જોતાં આરોપી બનાવ વખતે તે મકાનમાં રહેતા હતા અને બનાવ વખતે તેઓ બે મજુરો લાવેલા હતા અને છાપડા ઉપરથી નળીયા ઉતારતા હતા તે વખતે મકાન પડી ગયેલ. આ કામે આરોપીના પોતાનુ જુનુ અને જર્જરીત મકાન નહી ઉતારવાના કૃત્યની જાણકારી અને તેનાથી પડનારી સંભાવના મહત્વના તત્વો છે. આ તબકકે ઇ.પી.કોડની કલમ-૨૯૯ અને ઇ.પી.કોડની કલમ-૩૦૪ ધ્યાને લેવી જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

કલમ-૨૯૯ : ગુન્હાહિત મનુષ્યવધ :

જે કોઇ વ્યકિત મૃત્યુ નિપજાવવાના ઈરાદાથી અથવા જેથી મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરિક હાનિ પહોંચાડવાના ઈરાદાથી અથવા પોતાના એવા કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવે તેવો સંભવ છે એવી જાણકારી સાથે કોઇ કૃત્ય કરીને મૃત્યુ નિપજાવે તે ગુન્હાહિત મનુષ્યવધનો ગુન્હો કરે છે.

કલમ-૩૦૪ : ખૂન ન ગણાય એવા ગુન્હાહિત મનુષ્યવધ માટે શિક્ષા :-

જે કોઇ વ્યકિત, ખુન ન ગણાય એવો ગુન્હાહિત મનુષ્યવધ કરે ત્યારે, જો મૃત્યુ નિપજાવનારૂ કૃત્ય મૃત્યુ નિપજાવવાના અથવા

જેનાથી મૃત્યુ નિપજાવવાનો સંભવ હોય એવી શારીરિક હાનિ પહોંચાડવાના ઈરાદાથી કર્યુ હોય તો, આજીવન કેદની અથવા દસ વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

અથવા, તે કૃત્યથી મૃત્યુ થવાનો સંભવ છે એવી જાણકારી સાથે તે કર્યુ હોય પણ મૃત્યુ નિપજાવવાના કે જેનાથી મૃત્યુ નિપજાવવાનો સંભવ હોય એવી શારીરિક હાનિ પહોંચાડવાના ઈરાદા વિના કર્યુ હોય તો તેને દસ વર્ષની મુદ્દત સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

(૧૭) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૫ તરીકે ચંચળબેન શંકરભાઇ ચુડાસમાને આંક-૩૪ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ તા. ૦૭.૦૫.૨૦૧૫ ના રોજ બનાવ બનેલો. તે વખતે તેઓના ઘરે તેમના બેન કાજલબેન, તેમના પતિ અરવિંદભાઈ અને તેમની બે દિકરી મિતલબેન અને મમતા તથા તેમનો દિકરો કાનો આવેલા. બપોરે ૧૨ વાગ્યાની આસપાસ ઓચીંતુ તેમના ઘર પર પડેલુ. બાજુવાળુ મકાન ત્રણ માળનુ હતું. બાજુવાળા મકાનનો નંબર કદાચ ૧૦૦૪ હતો. જે મકાન બબલાભાઈનું હતુ. તેમના ત્રણ દિકરા હતા જેમાં બેનુ અવસાન થયેલુ. તેમના ત્રીજા દિકરાનુ નામ જગદીશભાઈ છે અને તેઓ બાજુના મકાનમાં રહેતા હતા. બનાવના દિવસે જગદીશભાઈ અને બીજા બે ત્રણ જણા મકાનના ત્રીજા માળ પર છાપરા પર ચઢેલા અને નળીયા ઉતારતા હતા તેવામાં ઓચિંતુ મકાન પડેલું. તેઓ બધા જે ઘરમાં હતા તે બધા દબાઈ ગયેલા. આજુબાજુના લોકોએ તેઓ બધાને બહાર કાઢેલા. તેમનો દિકરો ભાવેશ ઉપરથી પડેલ અને કાટમાળના લીધે મુત્યુ પામેલ. તેમના બેનની છોકરી મીતલ પણ જેની ઉમર ૭ વર્ષની હતી તેનુ મુત્યુ થયેલુ. તેમના બેનના પતિ અરવિંદભાઈ, તેમને, તેમના મમ્મી ઉકીબેનને ઈજાઓ થયેલી. આ બનાવ બાજુનુ મકાન તેમના મકાન પર નમી અને પડી જતા બનેલો. બાજુનુ મકાન પડી જાય એવુ છે

તેવી અરજી તેમણે કરેલી, પણ કયાં કરેલી તે યાદ નથી.

૧૭.૧ આરોપી તરફેની ઉલટ તપાસમાં કબુલેલ છે કે તેમના પોલીસ નિવેદનમાં તેમણે લખાવેલુ કે જર્જરીત મકાન લાલાભાઈનું છે. આ લાલાભાઈ અન્ય કોઈ વ્યકિત છે, આરોપી પોતે નથી તેવો કોઈ બચાવ આરોપી તરફે લેવામાં આવેલ નથી. આ સાહેદે એ હકીકત નકારેલ છે કે બનાવ વખતે બાજુવાળુ મકાન બંધ હાલતમાં હતુ. એ હકીકત કબુલેલ છે કે બાજુવાળા મકાનમાં ભાડુઆત રહેતા હતા. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે મકાનના માલિક જગદીશભાઈ પણ બાજુવાળા મકાનમાં રહેતા હતા. આમ, આરોપી તરફે એક બાજુ એવો બચાવ લેવામાં આવેલ છે કે બનાવ વખતે આરોપીનું મકાન બંધ હાલતમાં હતુ અને બીજી બાજુ એવો બચાવ લેવામાં આવેલ છે કે આરોપીના મકાનમાં ભાડુઆત રહેતા હતા. એ હકીકત નકારેલ છે કે બનાવ કોની બેદરકારીથી બનેલો તે તેઓ કહી શકે નહી. આમ, આ સાહેદના પુરાવાથી પણ આરોપીના ગુન્હાહિત કૃત્યના કારણે બનાવ બનેલ હોવાની હકીકતને તેમજ આ બનાવમાં ભાવેશભાઈ ઉ.વ.૨૦ વર્ષ અને મિત્તલબેન ઉ.વ.૭ વર્ષને ગંભીર ઈજાઓ થતા મૃત્યુ પામેલ અને સાહેદ અરવિંદભાઈ, ચંચળબેન, મમતાબેન અને ઉકીબેનને નાની મોટી ઈજાઓ થયેલ હોવાની હકીકતને નિ:શંક સમર્થન મળે છે.

(૧૮) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૬ તરીકે ઉકીબેન બાબુલભાઈ ટંડેલને આંક–૩૮ થી તપાસવામાં આવેલા છે. સાહેદ નં. ૭ તરીકે કાજલબેન અરવિંદભાઈ વસાણીને આંક–૪૦ થી, સાહેદ નં. ૮ તરીકે મમતાબેન અરવિંદભાઈ વસાણીને આંક–૪૧ થી, સાહેદ નં. ૯ તરીકે અરવિંદભાઈ લાલજીભાઈ વસાણીને આંક–૪૨ થી તપાસવામાં આવેલા છે. આ તમામ સાહેદો ફરિયાદી શંકરભાઈના સગાઓ છે. આ સાહેદોના પુરાવા મુજબ તેઓ બધા બનાવના દિવસે ફરિયાદી શંકરભાઈના ઘરે ભરૂચ વેજલપુરમાં મહેમાન તરીકે આવેલા હતા અને તેઓ બધા ઘરમાં હતા ત્યારે તેમના બાજુવાળા ઘરની દિવાલ તેમના ઘર પર પડતા ઘરમાં હાજર બધા કાટમાળની નીચે દબાઈ ગયેલા. જે

પૈકી ભાવેશભાઈ અને મિત્તલબેનને ગંભીર ઈજાઓ થતા મૃત્યુ પામેલ અને અન્ય સાહેદોને નાની મોટી ઈજાઓ થયેલ. બચાવ પક્ષ તરફે આ બધા સાહેદોની આ સંદર્ભે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. જેથી આ બધા સાહેદોના પુરાવાથી આ બધા સાહેદો બનાવના દિવસે ફરિયાદી શંકરભાઇના ઘરે ભરૂચ વેજલપુરમાં મહેમાન તરીકે આવેલા હતા અને તેઓ બધા ઘરમાં હતા ત્યારે તેમના બાજુવાળા ઘરની દિવાલ તેમના ઘર પર પડતા ઘરમાં હાજર બધા કાટમાળની નીચે દબાઈ ગયેલા. જે પૈકી ભાવેશભાઇ અને મિત્તલબેનને ગંભીર ઈજાઓ થતા મૃત્યુ પામેલ અને અન્ય સાહેદોને નાની મોટી ઈજાઓ થયેલ તેવી હકીકત નિ:શંકપણે પુરવાર થાય છે.

(૧૯) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૦ તરીકે શૈલેષભાઈ ડાહ્યાભાઈ ભાલીયાને આંક–૪૩ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ બનાવ કયારે બનેલ તે ચોકકસ યાદ નથી. શંકરભાઈના ઘર પર તેની બાજુવાળુ ઘર જે કોઈ મિસ્ત્રીનુ હતુ તે પડેલું. શંકરભાઈના છોકરાને બનાવમાં વાગેલુ અને તેનુ મુત્યુ થયેલું. શંકરભાઈના સગાની એક છોકરીને પણ વાગેલુ અને તે ગુજરી ગયેલ. શંકરભાઈનુ ઘર નાનુ હતુ. શંકરભાઈનુ ઘર છાપરાવાળુ હતુ. શંકરભાઈનુ મકાન ભોંયતળીયા વાળુ પાકુ મકાન હતુ. છત ઉપર નળીયા હતા. બાજુવાળુ મકાન ત્રણ માળનુ હતુ. બાજુવાળુ મકાન શંકરભાઈના ઘર પર પડેલું. આજુબાજુવાળા લોકોએ અને સગાવાળાએ ઘરમાં દટાયેલા લોકોને બહાર કાઢેલા. જો કે બાજુના મકાનવાળા શું કરતા હતા તેની તેમને ખબર નથી. બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં આ સાહેદે કબુલેલ છે કે શંકરભાઈનું મકાન જુનુ હતુ પરંતુ એ હકીકત નકારેલ છે કે શંકરભાઈનું મકાન જર્જરીત થઈ ગયેલ હતુ. એ હકીકત કબુલેલ છે કે શંકરભાઈના મકાનની છત ઉપર વળીયો એટલે કે લાકડાની પટ્ટીઓ હતી અને તેના ઉપર નળીયા લગાવેલા હતા. આ સાહેદનો સમગ્ર પુરાવો જોતાં ફરિયાદી શંકરભાઈનુ બાજુવાળુ મકાન શંકરભાઈના મકાન ઉપર પડી ગયેલુ અને બાજુવાળુ

મકાન ત્રણ માળનું હતુ અને આ બનાવમાં બે જણા ગુજરી ગયેલા તે હકીકતને નિ:શંક સમર્થન મળી રહે છે.

(૨૦) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૧ થી સાહેદ લખીબેન ભાણાભાઈ મોરાદને આંક–૪૪ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ તેઓ ભરૂચ વેજલપુર વિસ્તારમાં પારસીવાડમાં રહે છે. જગદીશભાઈનું ઘર બાજુવાળા શંકરભાઈના ઘર ઉપર પડેલુ. જેઓનું ઘર હતુ તેઓના છોકરાને વાગેલુ. શંકરભાઈનો છોકરો અને મહેમાન આવેલા તેમની એક છોકરી આ બનાવમાં મરી ગયેલ. આ સાહેદની પણ આરોપી તરફે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. જેથી આરોપી જગદીશભાઈનું ઘર બાજુવાળા શંકરભાઈના મકાન ઉપર પડેલુ અને આ બનાવમાં શંકરભાઈનો છોકરો અને મહેમાન આવેલા તેમની એક છોકરી મરી ગયેલ હોવાની હકીકતને નિ:શંકપણે સમર્થન મળે છે.

(૨૧) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૨ તરીકે હરેશભાઈ નરસિંહભાઈ સોલંકીને આંક–૪૫ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ તેઓ બનાવના દિવસે તેમના ધંધા ઉપર હતા. બનાવ આશરે દસ–પંદર વર્ષ પહેલા બનેલો. તેઓના ઘરની સામે લાલાભાઈ બબલાભાઈનું મકાન છે તે મકાન તેની બાજુમાં આવેલ ચંચુબેનના ઘર ઉપર પડેલુ. જે મકાન પડેલુ તે જુનુ હતુ અને પડવા જેવુ હતુ. મકાન પડવાથી બાજુનું મકાન આખુ ખલાસ થઈ ગયેલુ. આ બનાવમાં એક છોકરો અને એક છોકરી ગુજરી ગયેલા. આ સાહેદે આરોપી તરફેની ઉલટ તપાસમાં એ હકીકત નકારેલ છે કે ચંચુબેનનું મકાન જુનુ અને જર્જરીત હતુ.

૨૧.૧ આ સાહેદને કોર્ટ ધ્વારા પ્રશ્નો પુછવામાં આવેલ છે. જે પ્રશ્ન પૈકી જે મકાન પડેલુ તેમાં કોણ રહેતુ હતુ ? તેવો પ્રશ્ન પુછવામાં આવતા તેના જવાબમાં જણાવેલ છે કે તે મકાનમાં લાલાભાઈ બબલાભાઈ મિસ્ત્રી રહેતા હતા. આ સાહેદને એવો પ્રશ્ન પુછવામાં આવેલ કે લાલાભાઈ બબલાભાઈ કોણ છે અને હાલે કયાં છે ? તેના જવાબમાં જણાવેલ છે

કે લાલાભાઈ બબલાભાઈ મિસ્ત્રી આજે કોર્ટમાં હાજર છે અને તેઓએ આરોપીને ઓળખી બતાવેલ છે. જે મકાન પડેલુ તે ત્રણ માળનું હતુ. જે મકાન પડેલુ તે સીંગલ હતુ અને ઉપર કોઈ માળ ન હતો.

૨૧.૨ આ સાહેદની આરોપીના વિ.વકીલશ્રીએ ઉલટ તપાસ કરતા એ હકીકત કબુલેલ છે કે બનાવના દિવસે આ લાલાભાઇના ભાઇ રમેશભાઈ અને અંકુરભાઈ હયાત હતા. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે તે દિવસે આ બંને જણા ઘરમાં હતા કે કેમ તેની તેમને ખબર નથી. તેઓ સવારે કામે જતા રહેલા જેથી લાલાભાઈ તે દિવસે ઘરમાં હતા કે કેમ તેની ખબર નથી. આમ, આ સાહેદના પુરાવાથી આરોપી જગદીશભાઈ ઉર્ફે બોબી અને લાલાભાઈ એક જ વ્યકિત હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે અને આ સાહેદે આરોપીને કોર્ટમાં ઓળખી બતાવેલ છે. આ ઉપરાંત આ સાહેદના પુરાવાથી જે મકાન પડેલુ તેમાં લાલાભાઈ બબલાભાઈ મિસ્ત્રી રહેતા હતા તે હકીકતને સમર્થન મળે છે. આમ, આ સાહેદ કે જેઓ સ્વતંત્ર સાહેદ છે તેમના પુરાવાથી આરોપી મકાન નં.૧૦૦૪ માં રહેતા હતા અને તે મકાન જુનુ અને જર્જરીત થઈ ગયેલ હતુ અને તે પડી જાય તેવી હાલતમાં હતુ અને આ મકાન બાજુવાળા ફરિયાદીના મકાન ઉપર પડેલુ અને ફરિયાદીનું મકાન ખલાસ થઈ ગયેલ અને તેમાં એક છોકરો અને એક છોકરી ગુજરી ગયેલ તે હકીકતને સંપુર્ણ સમર્થન મળે છે.

(૨૨) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૩ થી તપાસ કરનાર અધિકારી શાહજીભાઈ દેવજીભાઈ ગામીતને આંક–૪૯ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ સને ૨૦૧૬ માં તેઓ ભરૂચ શહેર બી–ડિવિઝન પોલિસ સ્ટેશનમાં ફરજ પર હાજર હતા તે દરમ્યાન બી–ડિવિઝન પો લીસ સ્ટેશન ગુ.ર.નં. ફર્સ્ટ ૪૧/૨૦૧૬, ઈ.પી.કોડની કલમ–૩૦૪,૩૦૮,૧૧૪ મુજબની ફરિયાદ તપાસ અર્થે આવેલ. સદર તપાસ દરમ્યાન નગરપાલિકા ભરૂચના ચીફ ઓફિસરને માહિતી મેળવવા માટે રીપોર્ટ કરેલો. ત્યારબાદ તેમની બદલી થતા છુટા થઈ

ગયેલ. ત્યારબાદ તેમણે આગળની વધુ તપાસ પી.આઈ.ચૌધરી સાહેબને સુપરત કરેલી. આ સાહેદે ઉલટ તપાસમાં એ હકીકત કબુલેલ છે કે અગાઉના તપાસના કાગળોનો અભ્યાસ કરતા નગરપાલીકા પણ જવાબદાર હોય તેથી તેમણે ભરૂચ નગરપાલીકાના ચીફ ઓફિસરને માહિતી મેળવવા માટે રીપોર્ટ કરેલો. પરંતુ આ કામે નગરપાલીકાના ચીફ ઓફિસરની કોઈ ફોજદારી જવાબદારી રેકર્ડ ઉપર આવેલ નથી.

(૨૩) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૪ થી તપાસ કરનાર અધિકારી ધનજીભાઈ માજરભાઈ વસાવાને આંક-૫૦ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ સને ૨૦૧૮ ની સાલમાં તેઓ ભરૂચ શહેર બી-ડિવિઝન પોલિસ સ્ટેશન માં પી.એસ.આઈ. તરીકે ફરજ પર હાજર હતા તે દરમ્યાન બી-ડિવિઝન પોલિસ સ્ટેશનના પોલિસ ઈન્સ્પેક્ટર એન.આર.ગામીતે તેમને ગુ.ર.નં. ૪૩/૨૦૧૬, ઈ.પી.કોડની કલમ-૩૦૪,૩૦૮,૧૧૪ મુજબના ગુન્હાની આગળની તપાસ સોંપેલી. ફરિયાદી શંકરભાઈ બાબુભાઈ ચુડાસમા હતા. આ ગુન્હાના કામે તેઓએ અરવિંદભાઈ, કાલિદાસ માછી, સુરેશ મિસ્ત્રી, કેતન મિસ્ત્રી, રમણ મિસ્ત્રી વિગેરે સાહેદોના નિવેદનો લિધેલા અને આરોપી જગદિશભાઈ ઉર્ફે બોબી બબલાભાઈ મિસ્ત્રી ને અટક કરેલા અને અંકુર ઉર્ફે અરવિંદ બબલાભાઈ મિસ્ત્ર નાઓનો મરણનો દાખલો મેળવવા માટે નગરપાલિકાને રીપોર્ટ આપેલો અને આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરવા માટે પુરતા પુરાવા હોય તા.૧૬.૦૬.૨૦૧૯ ના રોજ આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરેલ.

૨૩.૧ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકત નકારેલ છે કે તેમની તપાસ દરમ્યાન આરોપી જગદીશભાઈ મકાન પર ચઢીને નળીયા

ઉતારતા હતા તે બાબતે કોઈ નજરે જોનાર સાહેદ મળી આવેલ નથી. તેમની તપાસ દરમ્યાન નગરપાલીકા પણ આ ગુન્હાના કામે જવાબદાર હોય તેવું ધ્યાન ઉપર આવેલુ. પરંતુ લીગલ એડવાઈઝરના અભિપ્રાય મુજબ હાલમાં સીવીલ કોર્ટમાં આ બનાવ બાબતે દાવો ચાલી રહેલ હોઈ અને મકાન માલિક જાતે નળીયા ઉતારતા બનાવ બનેલ હોય જેથી મકાન માલિક આરોપી બની શકે તેવો અભિપ્રાય આપેલો.

(૨૪) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૫ તરીકે કુંવરજીભાઈ ભાવસીંગભાઈને આંક–પર થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ તા.૨૩.૦૬.૨૦૧૬ ના રોજ એ.એસ.આઈ. તરીકે ભરૂચ બી–ડીવીઝન પોલિસ સ્ટેશન માં તેમની ફરજ ઉપર હાજર હતા તે સમયે આ કામના ફરિયાદી શંકરભાઈ બાબુભાઈએ તેઓના રૂબરૂ પોતાની ફરિયાદ હકિકત જણાવેલી, જે તેમણે ફરિયાદીના જણાવ્યા મુજબની નોંધી લિધેલી. ફરિયાદીએ તેમની ફરિયાદ મકાનનો કબજો ભોગવટો ભોગવનાર જગદીશભાઈ ઉર્ફે લાલો બબલાભાઈ મિસ્ત્રી, અંકુર ઉર્ફે અરવિંદભાઈ બબલાભાઈ મિસ્ત્રી તથા પોલિસ તપાસ માં ભરૂચ નગર પાલિકાના જે તે અધિકારી કર્મચારી જવાબદાર નીકળે તેમના વિરૂદ્ધ લખાવેલી. તેમણે ફરિયાદ નોંધ્યા બાદ તેની સ્ટેશન ડાયરીમા નોંધ કરેલી. ત્યારબાદ ગુન્હાની આગળની તપાસ પીએસઆઈશ્રી વસાવાને સોંપેલી. બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકત કબુલેલ છે કે ફરિયાદીની ફરિયાદમાં એવી હકીકત જણાવેલ છે કે ''ફરિયાદીએ સને ૨૦૧૩ ની સાલથી ઉપરોકત મકાન ઉતારવા બાબતે લેખિત રજુઆત સક્ષમ અધિકારીને કરવા છતાં બનાવ બન્યો ત્યાં સુધી મારી રજુઆતને કોઈ ધ્યાન આપેલ નથી કે મકાન ઉતારવા બાબતે ભોગવટો કરનાર સામે કોઈ પગલ લીધેલ નથી જેના કારણે સદરહું

બનાવ બનેલ છે.'' આ કામે સાહેદ નં. ૩ તરીકે નગરપાલીકાના ચીફ ઓફિસરને તપાસવામાં આવેલા છે તેઓનો પુરાવો જોતાં જે મકાન પડી ગયુ તેના માલિકને ત્રણ વખત મકાન ઉતારી પાડવા માટે ગુજરાત મ્યુનીસીપાલીટી એકટની કલમ–૧૮૨ હેઠળ નોટીસો આપવામાં આવેલ હોવાનું જણાય છે.

(૨૫) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.૧૬ તરીકે નિલેષકુમાર રમણલાલ ગામીતને આંક–૫૫ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ સને ૨૦૧૭ ના દસમાં મહીનાથી સને ૨૦૧૯ ના ચોથા મહીના સુધી તેઓ ભરુચ બી–ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પી.આઇ. તરીકે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન તા.૧૩.૧૨.૨૦૧૮ ના રોજ ભરુચ બી–ડીવીજન પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.ફસ્ટ ૪૧/૧૬, ઇ.પી.કોડની કલમ ૩૦૪ ભાગ–૧,૩૦૮,૧૧૪ મુજબના ગુન્હાની તપાસ તેઓએ સંભાળેલ અને આ કામે ભરુચ નગરપાલીકા ચીફ ઓફીસર શ્રી સંજય ગીસુલાલ સોની તથા સૌરભ કનુભાઇ પટેલ, ઇ.ચા. મદદનીશ ઇજનેરનાઓના નિવેદન લીધેલ. ત્યારબાદ આગળની વધુ તપાસ પી.એસ.આઇ. શ્રી વસાવાનાઓને સોંપેલી.

૨૫.૧ આ સાહેદે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં કબુલેલ છે કે સાહેદ ભાણાભાઇ મોરાભાઇ મિસ્ત્રીએ તેઓના નિવેદનમાં લખાવેલ છે કે ''આ ત્રણેય ભાઇ બહાર ઓટલા પર સુઇ રહેતા હતા અને મજુરી કરી તથા માંગીને ખાતા હતા. રમેશ પહેલા મરણ ગયેલ અને અંકુર પણ પારસી અગીયારસમાં મરી ગયેલ અને તેની અંતિમક્રિયા ફળીયાવાળાએ કરી હતી અને લાલો રખડતો ફરતો હતો.'' આ સાહેદના પુરાવાથી આરોપી મજુરી કરતા હતા માંગીને ખાતા હતા અને ઘરના ઓટલા ઉપર સુઇ રહેતા હતા તે હકીકતને સમર્થન મળે છે. જેથી બચાવ પક્ષનો બચાવ કે મકાન ખાલી હતુ, મકાન આરોપીનું ન હતુ અને આરોપી ત્યાં રહેતા ન હતા તે બચાવ સ્વીકારવાપાત્ર જણાતો નથી.

(૨૬) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૭ તરીકે પ્રકાશકુમાર માલસંગભાઇ

ચૌધરીને આંક–૫૮ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ વર્ષ ૨૦૧૬ માં તેઓ ભરૂચ શહેર બી–ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા તે દરમ્યાન આ ગુન્હાની તપાસ પી.એસ.ઓ. એ તેઓને સોંપેલી. જે તપાસ સંભાળી લઇ તપાસના કામે અગાઉ થયેલ અકસ્માત મોત નં. ૭/૨૦૧૫ ની તપાસ અગાઉ પી.એસ.આઇ.શ્રી વસાવા કરતા હતા જેના કાગળો તપાસના કામે સામેલ રાખેલ. તેમની તપાસના કામે ફરિયાદીનું વિશેષ નિવેદન તેમજ અન્ય લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને તેમની બદલી થતા હુકમ મુજબ આગળની તપાસ અન્ય અધિકારીને સોંપેલી.

૨૬.૧ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં કબુલેલ છે કે તેઓએ તપાસ સંભાળી તે પહેલા અકસ્માત મોતની જાહેરાતના કામે જે તપાસી થઇ હતી તે તપાસના તમામ કાગળોનો તેઓએ અભ્યાસ કરેલો. એ હકીકત નકારેલ છે કે તેમની તપાસ દરમ્યાન ફરિયાદીએ બે વર્ષ પહેલા બનેલા બનાવની ફરિયાદ તેમના પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી. એ હકીકત કબુલેલ છે કે ફરિયાદ નોંધ્યા બાદ બીજા દિવસે તમેણે ફરિયાદીનું વધારાનું નિવેદન નોંધેલુ. એ હકીકત કબુલેલ છે કે તેમની તપાસ દરમ્યાન નગરપાલીકાના કોઇ અધિકારીનું નિવેદન લીધેલ નહી. એ હકીકત નકારેલ છે કે ફરિયાદીએ નગરપાલીકા સાથે જે કંઇપણ નોટીસ કાર્યવાહીનો વ્યવહાર કર્યો તે બાબતની તેઓએ કોઇ ખરાઇ કરેલ નહી કે નગરપાલીકામાંથી કોઇ દસ્તાવેજ લેવાની કાર્યવાહી કરેલ નહી. એ હકીકત નકારેલ છે કે ફરિયાદીને તેઓએ સામે ચાલીને બોલાવીને ફરિયાદ નોંધાવેલી છે. એ હકીકત કબુલેલ છે કે ફરિયાદીએ તેમની રૂબરૂના વધારાના જવાબમાં લખાવેલ છે કે ''આ બાબતે જે તે સમયે અકસ્માત મોતની જાહેરાત દાખલ થયેલ હતી.

ત્યારબાદ આ કામના તપાસ કરનાર અમલદારને તપાસ દરમ્યાન ગુન્હાહિત જણાતા મને બોલાવી આ બાબતે મારી ફરિયાદ લઈ આ ગુન્હો દાખલ કરેલ છે.'' એ હકીકત કબુલેલ છે કે લાલભાઈ ઈશ્વરભાઈ મિસ્ત્રી તથા શૈલેષભાઈ ડાહ્યાભાઈ ભાલીયાએ તેમની રૂબરૂના નિવેદનમાં લખાવેલ છે કે ''નગરપાલીકા તરફથી પણ આ મકાન ઉતરાવેલ નહી જેથી તા.૦૭.૦૫.૨૦૧૫ ના રોજ ઉપરોકત બનાવ આ લોકોની બેદરકારીથી બનેલ છે.''

૨૬.૨ આ સાહેદનો પુરાવો જોતાં ફરિયાદી શંકરભાઈએ તા.૦૭.૦૫.૨૦૧૫ ના રોજ ભરૂચ શહેર બી–ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાહેરાત આપી તેમની બાજુમાં રહેતા લાલાભાઈ બબલાભાઈ મિસ્ત્રીના જુના મકાનની દિવાલ તેમના મકાન ઉપર ધસી પડતા તેમના ઘરના સભ્યો કાટમાળ નીચે દબાઈ ગયેલા અને જેમાં તેમનો દિકરો ભાવેશ, ઉ.વ. ૨૦ અને મિત્તલબેન ઉ.વ. ૭ ને ગંભીર ઈજાઓ થતા મરણ પામેલા અને ચંચળબેન, ઉકીબેન, અરવિંદભાઈ વિગેરેને ઈજાઓ થયેલી તેની જાણ કરેલ હોવાનું જણાય છે. વધુમાં આ અકસ્માત મોત નં. ૭/૨૦૧૫ ની તપાસના કામે આરોપીઓના કૃત્યના કારણે બનાવ બનેલ હોવાનું જણાઈ આવતા ફરિયાદીની ફરિયાદ તા.૨૩.૦૬.૨૦૧૬ ના રોજ લીધેલ હોવાનું જણાય છે. જેથી ફરિયાદ મોડી હોવાના કારણ માત્રથી આંક–૬૫ વાળી ફરિયાદ શંકાસ્પદ બની જતી નથી. આ ઉપરાંત આંક–૩૩ થી તા.૦૭.૦૫.૨૦૧૫ ની જાહેરાત વંચાણે લેતાં આ જાહેરાત બનાવના દિવસે આપવામાં આવેલી હોવાનું અને તે વખતે દિવાલ પડી ગયેલ તેવું જણાવી કાયદેસર તપાસ થવા જણાવેલ હોવાનું જણાય છે. જેથી પોલીસ તરફથી તા.૨૩.૦૬.૨૦૧૬ ના રોજ એફ.આઈ.આર. નોંધાયેલ હોઈ ફરિયાદ મોડી દાખલ કરવામાં આવેલ છે તેનાથી ફરિયાદ પક્ષના કેસને કોઈ નુકશાન પહોંચતુ નથી.

(૨૭) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૧૮ અશ્વિનભાઈ શનાભાઈ વસાવાને આંક–૬૧ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા મુજબ તા. ૦૭.૦૫.૨૦૧૫ ના રોજ તેઓ ભરૂચ શહેર બી–ડીવીઝન પોલીસ

સ્ટેશનમાં પી.એસ.આઇ. તરીકે હાજર હતા તે વખતે ભરુચ સરકારી દવાખાનામાંથી ટેલીફોન વર્ધી આવતા જે પી.એસ.ઓ.એ તેઓને આપતા તેઓએ સરકારી દવાખાનામાં જઇ શંકરભાઇ બાબુભાઇ ચુડાસમાની તેઓના લખાવ્યા મુજબની જાહેરાત લખી લઇ અકસ્માત મોત દાખલ કરવા માટે પી.એસ.ઓ.ને આપેલ. ત્યારબાદ પી.એસ.ઓ.એ અકસ્માત મોત નં. ૭/૨૦૧૫ દાખલ કરી તપાસ માટે તેઓને આપતા તેઓએ તપાસ સંભાળી આ કામે મરણજનાર ભાવેશભાઇ શંકરભાઇ ચુડાસમાનાઓનું ઇન્કવેસ્ટ પંચનામુ કરી પી.એમ. કરવા માટે કાગળો ભરુચ સીવીલ હોસ્પીટલના ડોકટર સાહેબને આપેલા. આ કામે બનાવવાળી જગ્યાનુ બે પંચો રુબરુ પંચનામુ કરવામાં આવેલુ અને સ્થળ ઉપર એફ.એસ.એલ. અધિકારી સાહેબને બોલાવી તેઓએ સ્થળનુ નિરિક્ષણ કરી અહેવાલ આપેલ જે કામમાં સામેલ રાખેલ. તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. આ બનાવમાં અન્ય ઇજા પામનાર મિત્તલબેનનુ મુત્યુ સુરત હોસ્પીટલમાં સારવાર દરમીયાન થયેલુ જેનુ ઇન્કવેસ્ટ પંચનામુ સુરત કટોદરા પોલીસ સ્ટેશને કરેલ જે પંચનામુ તેઓએ કામમાં સામેલ રાખેલ. આ બનાવમાં પાંચેક જણાને ઇજા થયેલી જેઓના ઇજાના પ્રમાણપત્ર મેળવવા માટે તેમણે સુરત અને ભરુચ દવાખાનામાં યાદી કરેલી. ત્યારબાદ તેમની બદલી થતા આગળની અકસ્માત મોતની તપાસ પી.એસ.આઇ. શ્રી રાણાને સોંપવામાં આવેલ.

૨૭.૧ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં કબુલેલ છે કે તા.૦૭.૦૫.૨૦૧૫ ની જાહેરાતમાં જાહેરાત આપનારે સદર બનાવ આકસ્મિક રીતે બનેલ છે તેવું લખાવેલ છે. એ હકીકત કબુલેલ છે કે તેમની તપાસમાં બનાવ આકસ્મિક રીતે બનેલ તેવું ખુલેલુ. એ હકીકત કબુલેલ છે કે ચચંળબેને તેમના રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ નથી કે ''બનાવના દિવસે જગદીશભાઇ અને બીજા બે–ત્રણ જણા મકાનના ત્રીજા માળ પર છાપરા પર ચઢેલા અને નળીયા ઉતારતા હતા.'' એ હકીકત કબુલેલ છે કે જાહેરાત આપનાર શંકરભાઇએ તેમની

જાહેરાતમાં એવું લખાવેલ નથી કે ''બનાવ વખતે મકાન નં.૧૦૦૪ ના બોબીભાઇ બે મજુરો લાવેલા હતા અને છાપરા ઉપરના નળીયા ઉતારતા હતા.'' તેમણે અકસ્માત મોતની જાહેરાત સિવાય બીજી કોઇ તપાસ કરેલ નથી. ઉપરોકત ચર્ચા કર્યા મુજબ હાલનો બનાવ આકસ્મિક બનેલ છે કે આરોપી મજુરો સાથે છાપરા ઉપર ચઢી નળીયા ઉતારતા તેના કારણે બનેલ છે તે મહત્વનું નથી. આ કામે મહત્વની હકીકત એ છે કે આરોપીનું ત્રણ માળનું મકાન વરસો જુજુ જર્જરીત હતુ અને તે ગમે ત્યારે પડી જાય તેવી સ્થિતિમાં હતુ અને દિવાલો પણ છુટી પડી ગયેલ હતી અને ભરૂચ નગરપાલીકા તરફથી મકાન ઉતારી લેવા માટે ત્રણ વખત નોટીસો આપવામાં આવેલી તેમ છતાં આ મકાન ઉતારવામાં આવેલ નહી અને આરોપીના આવા ગુન્હાહિત કૃત્યના કારણે મકાનની દિવાલ ફરિયાદીના મકાન ઉપર પડતા ફરિયાદીના મકાનમાં હાજર ઈસમો કાટમાળમાં દબાઈ જતા ભાવેશભાઇ ઉ.વ.૨૦ વર્ષ અને મિતાલીબેન ઉ.વ.૭ વર્ષનું ઈજાઓના કારણે મૃત્યુ નિપજેલ છે અને અરવિંદભાઇ, ચંચળબેન, મમતાબેન દઅને ઉકીબેનને નાની મોટી ઈજાઓ થયેલ છે. જેથી ફરિયાદીએ પોલીસ રૂબરૂની જાહેરાતમાં ''બનાવના દિવસે જગદીશભાઇ અને બીજા બે–ત્રણ જણા મકાનના ત્રીજા માળ પર છાપરા પર ચઢેલા અને નળીયા ઉતારતા હતા'' તેવું લખાવેલ નહી હોવા છતાં તેનાથી આરોપીનું આ કામે કોઇ ગુન્હાહિત કૃત્ય ન હતુ અને મકાન નહી ઉતારવાથી તે પડી જવાથી કોઇનું મૃત્યુ નિપજી શકે છે તેવી જાણકારી ન હતી તેવું કહી શકાય નહી. આ કામે ના.સર્વોચ્ચ અદાલતનો બાલુ સુદામ ખલડે વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર – ૨૦૨૩(૫) સ્કેલ ૧૪૧ નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. તેમાં ના.સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે સાહેદોએ અગાઉના નિવેદનથી વિપરીત હકીકતો અદાલત સમક્ષ જણાવેલ હોવા માત્રથી તેઓનો આખો પુરાવો ખોટો છે તેમ કહી શકાય નહી. આ કામે સાહેદ નં. ૪ ફરિયાદી શંકરભાઇ બાબુભાઇ ચુડાસમા અને સાહેદ નં. ૫ ચંચળબેન શંકરભાઇ ચુડાસમા

પતિ–પત્નિ છે અને બનાવ નજરે જોનાર તેમજ ભોગ બનનાર સાહેદો છે અને તેઓના પુત્ર ભાવેશભાઇ ઉ.વ.૨૦ વર્ષનાનું આરોપીના ગુન્હાહિત કૃત્યથી મૃત્યુ થયેલ છે તેમજ તેઓના સગાની દિકરી મિતાલીબેન, ઉ.વ.૭ વર્ષનાનું પણ મૃત્યુ થયેલ છે તેમજ સાહેદ નં. ૫ ચંચળબેન, અરવિંદભાઇ, મમતાબેન, ઉકીબેનને ઈજાઓ થયેલ છે જેથી તેઓને આરોપીને ખોટી રીતે ફસાવવા માટે અને આરોપી વિરૂધ્ધ સોગંદ ઉપર ખોટો પુરાવો આપવા માટેનું કોઇ કારણ નથી. આ બંને સાહેદોનો અદાલત સમક્ષનો પુરાવો સાચો, વિશ્વસનીય અને સ્વીકારવાલાયક જણાય છે.

(૨૮) આરોપી તરફે રજુઆત છે કે જો બનાવ વખતે આરોપી અને મજુરો મકાનના છાપરા ઉપર ચઢયા હોત તો તેઓને પણ ઈજાઓ થવી જોઇતી હતી, પરંતુ તેઓને કોઇ ઈજા થયેલ હોવાનું જણાતુ નથી, જેથી ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ જણાય છે. પરંતુ આરોપીના વિ.વકીલશ્રીની આ રજુઆત સ્વીકારી શકાય તેમ નથી કારણ કે આંક–૮ થી રજુ થયેલ બનાવવાળી જગ્યાનું પંચનામુ જોતાં ફરિયાદીનું મકાન જમીનદોસ્ત થઇ ગયેલ હોવાનું જણાય છે. આરોપીના ત્રણ માળના મકાનની ઉપરની દિવાલ ફરિયાદીના એક માળના મકાન ઉપર પડેલ હોવાનું જણાય છે. વધુમાં આ બનાવમાં આરોપીનું આખુ મકાન પડી ગયુ હોય કે આરોપીનું મકાન જમીનદોસ્ત થઇ ગયેલ હોય કે આરોપીના મકાનની ઘરવખરી સામાનને કોઇ નુકશાન થયેલ હોય કે આરોપીના ઘરમાં કોઇ વ્યકિતને ઈજા થયેલ હોય તેવું જણાતુ નથી.

(૨૯) આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક–૧૩ થી ભાવેશભાઇ શંકરભાઇ ચુડાસમાનું અને આંક–૧૪ થી મિત્તલબેન અરવિંદભાઇ વસાણીનું ઈન્કવેસ્ટ પંચનામુ રજુ કરવામાં આવેલ છે. આંક–૧૩ નું ઈન્કવેસ્ટ પંચનામુ વંચાણે લેતાં ભાવેશભાઇને કપાળના ભાગે ઈજા થયેલ છે, જીભ બહાર નીકળેલ છે, ડાબા પગે જાંઘના ઉપરના ભાગે હાડકુ છુટુ પડી ગયેલ છે અને મરણજનાર કાટમાળ નીચે દબાય ગયેલ હતો તેવો

ઉલ્લેખ છે. આંક–૧૪ નું ઈન્કવેસ્ટ પંચનામુ જોતાં મિત્તલબેનને માથાના ભાગે સારવારના ટાંકા લીધેલ છે, જમણા ગાલે ઘસરકાની ઈજાનું નિશાન છે, ડાબા પગે ઘસરકાની ઈજાના ચિન્હ જણાયેલ છે તેવો ઉલ્લેખ છે. આંક–૪૬ થી રજુ થયેલ ભાવેશભાઈના શબનો પોસ્ટ મોર્ટમ રીપોર્ટ વંચાણે લેતાં ગુજરનારને માથાના ભાગે થયેલ ઈજાઓના કારણે આઘાત લાગવાથી મૃત્યુ થયેલ હોવાનું જણાય છે. આંક–૪૭ થી રજુ થયેલ મિત્તલબેનના શબનો પોસ્ટ મોર્ટમ રીપોર્ટ વંચાણે લેતાં ગુજરનારને ઈજાઓ થવાથી આઘાત લાગવાથી મૃત્યુ થયેલ હોવાનું જણાય છે. આ કામે આરોપી તરફે બંને ગુજરનારને મકાન પડવાથી કાટમાળમાં દબાઈ જવાથી ઈજા થયેલ નહી હોવા બાબતે તેમજ આ ઈજાઓના કારણે તેઓનું મૃત્યુ નિપજેલ નહી હોવા બાબતે કોઈ તકરાર લેવામાં આવેલ નથી તેમજ અન્ય ઈજા પામનારાઓને ઈજાઓ થયેલ નથી તે બાબતે પણ કોઈ તકરાર લીધેલ નથી. આમ, આ કામે બંને ગુજરનારા ભાવેશભાઈ અને મિત્તલબેન બનાવ વખતે ભરૂચ વેજલપુરમાં આવેલ મકાન નં. ડી–૧૦૦૩ માં હતા તે દરમ્યાન બાજુના ત્રણ માળના મકાન નં. ડી–૧૦૦૪ ની દિવાલ અને કાટમાળ પડતા તેની નીચે દબાઈ જવાથી ઈજાઓ થવાના કારણે મૃત્યુ પામેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થાય છે તેમજ સાહેદો ચંચળબેન, અરવિંદભાઈ, મમતાબેન અને ઉકીબેનને નાની મોટી ઈજાઓ થયેલી હોવાનું નિ:શંકપણે પુરવાર થાય છે.

(૩૦) આ કામે આરોપી સામે ઈ.પી.કોડની કલમ–૩૦૮ મુજબના ગુન્હાનો પણ આક્ષેપ છે. જેથી આ તબકકે ઈ.પી.કોડની કલમ–૩૦૮ ધ્યાને લેવી જરૂરી જણાય છે, જે નીચે મુજબ છે.

<u>કલમ–૩૦૮</u> : ગુન્હાહિત મનુષ્ય વધ કરવાની કોશિશ :–

જે કોઈ વ્યકિત કોઈ કૃત્ય એવા ઈરાદાથી કે જાણકારી સાથે એવા સંજોગોમાં કરે કે તેથી જો મૃત્યુ નિપજયુ હોત તો પોતે ખુન ન ગણાય તેવા ગુન્હાહિત મનુષ્યવધ માટે દોષિત થાત, તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈ પણ પ્રકારની કેદની અથવા દંડની અથવા તો બંને

શિક્ષા કરવામાં આવશે, અને એવા કૃત્યથી કોઇ વ્યકિતને વ્યથા થાય તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા દંડની અથવા તો બંને શિક્ષા કરવામાં આવશે.

૩૦.૧ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપીને એવી જાણકારી અને જ્ઞાન હતુ કે જો તેઓની માલિકી અને કબજા ભોગવટાવાળુ મકાન જુનુ અને જર્જરીત છે અને ગમે ત્યારે પડી જાય તેવી હાલતમાં છે અને જો આ મકાન ઉતારી પાડવામાં નહી આવે તો તે પડી જવાથી કોઇનું મૃત્યુ નિપજી શકે છે તેમજ ઇજાઓ પણ થઇ શકે છે અને આ મકાન ઉતારી પાડવા માટે નગરપાલીકા તરફથી વારંવાર નોટીસો આપવામાં આવેલ હોવા છતાં આરોપીએ મકાન ઉતારી પાડેલ નહી અને મકાનના છાપરા ઉપર મજુરોને નળીયા ઉતારવા માટે ચઢાવવામાં આવતા આરોપીના મકાનની દિવાલ ફરિયાદીના મકાન ઉપર પડી જતા ફરિયાદીના મકાનમાં હાજર અરવિંદભાઇ, ચંચળબેન, મમતાબેન અને ઉકીબેનને નાની–મોટી ઇજાઓ થયેલ હોવાનું અને ભાવેશભાઇ ઉ.વ.૨૦ વર્ષ અને મિત્તલબેન ઉ.વ.૭ વર્ષને ગંભીર ઇજાઓ થવાથી મૃત્યુ નિપજેલ હોવાનું પુરવાર થયેલ છે.

(૩૧) આ કામે આરોપીનો ગુજરનારાઓનું મૃત્યુ નિપજાવવાનો કે મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવી શારીરિક હાનિ પહોંચાડવાનો ઇરાદો હોય તેવું રેકર્ડ ઉપર આવેલ નથી. ફરિયાદી શંકરભાઇએ ઉલટ તપાસમાં કબુલેલ છે કે બબલાભાઇના વારસદારોને તેમની સાથે કોઇ અંગત દુશ્મનાવટ ન હતી કે તેમને કે તેમના ઘરવાળાને મારી નાંખવાનો ઇરાદો ન હતો. પરંતુ આરોપીને તેઓનું મકાન વરસો જુનુ અને જર્જરીત હોઇ અને મકાનની દિવાલો પણ છુટી પડી ગયેલ હોઇ, મકાન નહિ ઉતારવાથી મકાન કે મકાનનો કોઇ ભાગ ગમે ત્યારે કોઇ ઉપર પડી શકે છે અને તેના કારણે કોઇનું મૃત્યુ થવાનો સંભવ છે તેવી જાણકારી હતી તેમ છતાં આરોપીએ મકાન નહિ ઉતરાવવાનું ગુન્હાહિત કૃત્ય કરેલ છે તેવું ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી નિ:શંકપણે પુરવાર થાય છે. આમ, આ

કામે આરોપી સામે ઇ.પી.કોડની કલમ–૩૦૪ ભાગ–૧ મુજબનો ગુન્હો નિ:શંકપણે પુરવાર થતો નથી, પરંતુ ઇ.પી.કોડની કલમ–૩૦૪ ભાગ–૨ મુજબનો ગુન્હો નિ:શંકપણે પુરવાર થાય છે. આ ઉપરાંત ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપી સામે ઇ.પી.કોડની કલમ–૩૦૮ મુજબનો ગુન્હો પણ નિ:શંકપણે પુરવાર થાય છે. ઉપરોકત સંજોગોમાં **મુદ્દા નંબર : ૧ નો નિર્ણય 'અંશત: હકારમાં'** આપવામાં આવે છે.

**મુદ્દા નંબર : ૨ ની ચર્ચા :**

(૩૩) ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપીએ ઇ.પી.કોડની કલમ–૩૦૪ ભાગ–૨ તેમજ ૩૦૮ મુજબનો ગુન્હો કરેલ છે તેવું ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી નિ:શંકપણે પુરવાર થયેલ છે. જેથી કાયદામાં નિર્દિષ્ટ સજા બાબતે ફરિયાદ પક્ષ અને આરોપીને સાંભળવા આવશ્યક જણાય છે. તેથી આ કામ આ તબકકે સજા માટે સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૮મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૮.૦૪.૨૦૨૬<br>
સ્થળ : ભરૂચ

**( રાજેશ કરમારસિંહ દેસાઇ )**<br>
સેસન્સ જજ, ભરૂચ<br>
કોર્ડ નં. જી.જે.૦૦૯૧૨

<u>સજા અંગે સાંભળ્યા.</u>

(૩૪) ફરિયાદ પક્ષ તરફે વિ.સરકારી વકીલશ્રીની રજુઆત છે કે આરોપીને નગરપાલીકા તરફથી વારંવાર નોટીસો આપવામાં આવેલ હોવા છતાં પોતાનુ જુનુ અને જર્જરીત મકાન નહિ ઉતારતા આરોપીના આ ગુન્હાહિત કૃત્યના કારણે બે જણાના મોત નિપજેલ છે જેમાં એક છોકરાની ઉંમર ૨૦ વર્ષની હતી અને એક છોકરીની ઉંમર માત્ર ૭ વર્ષની હતી તેમજ ચારેક જણાને નાની–મોટી ઈજાઓ થયેલી છે. જેથી આરોપીના આવા કૃત્યને હળવાશથી લઇ શકાય નહી. તે સંજોગોમાં સમાજમાં દાખલો બેસે તેવી સખતમાં સખત સજા કરવા રજુઆત કરેલ છે.

(૩૫) આરોપીને જેલમાંથી વિડીયો કોન્ફરન્સ મારફતે હાજર રાખવામાં આવેલ છે તેમજ આરોપીના વિ.વકીલશ્રી હાજર છે. તેઓની રજુઆત છે કે આરોપી ગરીબ માણસ છે અને આરોપીના માતા–પિતા તેમજ ભાઇઓ ગુજરી ગયેલા છે અને આરોપીને આગળ પાછળ કોઇ નથી. આરોપીની ઉંમર આશરે ૫૦ વર્ષની છે. આરોપીનો આ પ્રથમ ગુન્હો છે. આરોપીએ તેર મહિના કાચા કામના કેદી તરીકે જેલમાં ગુજારેલ છે જેથી તેટલી સજાને યોગ્ય ગણી વધુ કેદની સજા નહી કરવા રજુઆત કરેલ છે. વિકલ્પે ઓછામાં ઓછી સજા કરવા અને ઓછામાં ઓછો દંડ કરવા રજુઆત કરેલ છે.

(૩૬) આ કામે પક્ષકારોની રજુઆતો ધ્યાને લીધેલ છે. કોઇ પણ વ્યકિત જયારે ગુન્હાહિત કૃત્ય કરે છે ત્યારે તેના પરિણામ સ્વરૂપે દંડ કે સજાને પાત્ર બને છે. સજા આપવા પાછળનો હેતુ ગુન્હેગારને આવા ગુન્હાઓથી અટકાવી સમાજમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી, ગુન્હેગારનું પુન:વર્સન તેમજ તેની સુધારણા વિગેરે હોય છે.

(૩૭) આ કામે રેકર્ડ જોતાં આરોપી વિરૂધ્ધ ઇ.પી.કોડની કલમ–૩૦૪ ભાગ–૨ અને ૩૦૮ મુજબનો ગુન્હો પુરવાર થયેલ છે. ઇ.પી.કોડની કલમ–૩૦૪ ભાગ–૨ હેઠળના ગુન્હામાં દસ વર્ષની મુદ્દત સુધીની કેદની સજાની જોગવાઇ છે તેમજ કલમ–૩૦૮ ના ગુન્હામાં ત્રણ વર્ષની મુદ્દત સુધીની કેદની સજાની જોગવાઇ છે. આ કેસમાં

આરોપીના ગુન્હાહિત કૃત્યથી ૨૦ વર્ષના છોકરાનું અને ૭ વર્ષની બાળકીનું મૃત્યુ નિપજેલ છે તેમજ ચારેક જણાને નાની મોટી ઈજાઓ થયેલ છે એ હકીકત ધ્યાને લીધેલ છે. જેથી આરોપીને તેર મહિનાની કેદની સજા કરવાની આરોપીના વિ.વકીલશ્રીની રજુઆત સ્વીકારવાપાત્ર નથી, પરંતુ સાથે સાથે એ હકીકત ધ્યાને લેવાપાત્ર છે કે આરોપીનો કોઇ ગુન્હાહિત ઈતિહાસ જણાતો નથી તેમજ ગુન્હાહિત કૃત્યનું ભવિષ્યમાં પુનરાવર્તન થવાની શકયતા જણાતી નથી. જેથી ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઇ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

૧. ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮(૨) અન્વયે આરોપીને ઇ.પી.કોડની કલમ–૩૦૪ ભાગ–૨ તેમજ ૩૦૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૨. ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮(૨) અન્વયે આરોપીને ઇ.પી.કોડની કલમ–૩૦૪ ભાગ–૨ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવી, ચાર વર્ષની સખત કેદની સજા ભોગવવાનો અને રૂા.૨,૦૦૦/– અંકે રૂપીયા બે હજાર પુરાનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો તેઓને વધુ બે માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮(૨) અન્વયે આરોપીને ઇ.પી.કોડની કલમ–૩૦૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવી, એક વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૪.. આરોપીએ બંને કેદની સજાઓ એકીસાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૫. આરોપી આ કેસની પોલીસ તપાસ દરમ્યાન તેમજ ટ્રાયલ દરમ્યાન જેટલો સમય કસ્ટડીમાં રહેલા હોય તેટલા સમયનો ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ ની જોગવાઇ મુજબ 'સેટ ઓફ'નો લાભ આપવાનો હુકમ કરવામાં આવે છે.

૬. ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૭(ક) મુજબ ગુજરનારના આશ્રિતોને યોગ્ય

વળતર મળે તે માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ભરૂચને ભલામણ કરવામાં આવે છે.

૭. આ ચુકાદાની એક પ્રમાણીત નકલ આરોપીને વિના મુલ્યે તાત્કાલીક પુરી પાડવી.

આ હુકમ આજ તારીખ ૮મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૮.૦૪.૨૦૨૬
સ્થળ : ભરૂચ

**( રાજેશ કરમારસિંહ દેસાઇ )**
સેસન્સ જજ, ભરૂચ
કોર્ડ નં. જી.જે.૦૦૯૧૨

ના.સર્વોચ્ચ અદાલત સમક્ષની ક્રિમીનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૩ – મનોજભાઇ જેઠાભાઇ પરમાર (રોહિત) વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદા મુજબ રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા અને મુદ્દામાલની વિગતો નીચે મુજબ છે.

ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**મૌખિક પુરાવા :**

| અ.નં. | આંક | સાહેદનું નામ | સાહેદની વિગત |
|---|---|---|---|
| ૧ | ૦૭ | રાજુભાઇ બચુભાઇ વસાવા | ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચ |
| ૨ | ૦૯ | હરીભાઇ મગનભાઇ બારૈયા | કોર્ટ કમિશ્નર ધ્વારા કરવામાં આવેલ બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ |
| ૩ | ૧૭ | સંજયકુમાર ગીસુલાલ સોની | મુખ્ય અધિકારી, ભરૂચ નગરપાલીકા |
| ૪ | ૩૨ | શંકરભાઇ બાબુભાઇ ચુડાસમા | ફરિયાદી |
| ૫ | ૩૪ | ચંચળબેન શંકરભાઇ ચુડાસમા | બનાવ વખતે મકાનમાં હાજર સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૬ | ૩૮ | ઉકીબેન બાલુભાઇ ટંડેલ | '' |
| ૭ | ૪૦ | કાજલબેન અરવિંદભાઇ વસાણી | '' |
| ૮ | ૪૧ | મમતાબેન અરવિંદભાઇ વસાણી | '' |
| ૯ | ૪૨ | અરવિંદભાઇ લાલજીભાઇ વસાણી | '' |
| ૧૦ | ૪૩ | શૈલેષભાઇ ડાહ્યાભાઇ ભાલીયા | બનાવવાળી જગ્યા નજીક રહેતાસાહે |
| ૧૧ | ૪૪ | લખીબેન ભાણાભાઇ મોરાદ | '' |
| ૧૨ | ૪૫ | હરેશભાઇ નરસિંહભાઇ સોલંકી | |
| ૧૩ | ૪૯ | શાહજીભાઇ દેવજીભાઇ ગામીત | તપાસ કરનાર અધિકારી |
| ૧૪ | ૫૦ | ધનજીભાઇ માજરભાઇ વસાવા | '' |
| ૧૫ | ૫૨ | કુંવરજીભાઇ ભાવસિંગભાઇ | પી.એસ.ઓ. |
| ૧૬ | ૫૫ | નિલેશભાઇ રમણલાલ ગામીત | તપાસ કરનાર અધિકારી |
| ૧૭ | ૫૮ | પ્રકાશકુમાર માલસંગભાઇ ચૌધરી | '' |
| ૧૮ | ૬૧ | અશ્વિનભાઇ શનાભાઇ વસાવા | અકસ્માત મોતની તપાસ કરનાર અધિકારી |

**<u>દસ્તાવેજી પુરાવા :</u>**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત | કોણે પુરવાર/ સાક્ષ્યાંકિત કર્યો |
|---|---|---|---|
| ૧ | ૦૮ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ | સાહેદ નં. ૧ (આંક–૭) |
| ૨ | ૧૩ | ભાવેશભાઇની લાશનું ઇન્કવેસ્ટ પંચનામુ | આરોપી તરફે કબુલેલ છે |
| ૩ | ૧૪ | મિત્તલબેનની લાશનું ઇન્કવેસ્ટ પંચનામુ | '' |
| ૪ | ૧૮ | ચંચળબેને તા.૦૪.૦૫.૨૦૧૩ ના રોજ ભરૂચ નગરપાલીકાને મકાન નં. ડી–૧૦૦૪ ઉતારી પાડવા કરેલ અરજી | સાહેદ નં. ૩ (આંક–૧૭) |
| ૫ | ૧૯ | ભરૂચ નગરપાલીકાએ તા.૦૩.૦૬.૨૦૧૩ ના રોજ બબલાભાઇ ખોડાભાઇને મકાન ઉતારી પાડવા માટે આપેલ નોટીસ | '' |
| ૬ | ૨૦ | ચંચળબેને તા.૧૬.૦૭.૨૦૧૩ ના રોજ ભરૂચ નગરપાલીકાને મકાન નં. ડી–૧૦૦૪ ઉતારી પાડવા કરેલ અરજી | '' |

| | | | |
|---|---|---|---|
| ૭ | ૨૧ | ભરૂચ નગરપાલીકાએ તા.૨૯.૦૭.૨૦૧૩ ના રોજ બબલાભાઇ ખોડાભાઈને મકાન ઉતારી પાડવા માટે આપેલ નોટીસ | '' |
| ૮ | ૨૨ | ભરૂચ નગરપાલીકાએ તા.૧૫.૦૨.૨૦૧૪ ના રોજ બબલાભાઇ ખોડાભાઈને મકાન ઉતારી પાડવા માટે આપેલ નોટીસ | '' |
| ૯ | ૨૩ | ચંચળબેનના વકીલશ્રી મઢીવાલાએ ભરૂચ નગરપાલીકાને આપેલ નોટીસ | '' |
| ૧૦ | ૨૪ | તા.૨૨.૧૨.૨૦૧૫ ના રોજ ભરૂચ નગરપાલીકાએ ભરૂચ શહેર બી–ડીવીઝન પોલીસ સ્ટેશનને લખેલ પત્ર–માહિતી | '' |
| ૧૧ | ૨૫ | રે.મુ.નં.૪૯/૨૦૧૪ ની દાવા અરજી અને પ્રતિવાદીએ રજુ કરેલ જવાબની નકલ | '' |
| ૧૨ | ૩૩ | અકસ્માત મોતની જાહેરાત | સાહેદ નં. ૪ (આંક–૩૨) |
| ૧૩ | ૪૬ | ભાવેશભાઇની લાશનો પોસ્ટ મોર્ટમ રીપોર્ટ | આરોપી તરફે કબુલેલ છે |
| ૧૪ | ૪૭ | મિત્તલબેનની લાશનો પોસ્ટ મોર્ટમ રીપોર્ટ | '' |
| ૧૫ | ૪૮ | મિત્તલબેનના મરણનું કારણ દર્શાવતુ પ્રમાણપત્ર | '' |
| ૧૬ | ૫૩ | અકસ્માત મોતની જાહેરાતની નકલ | સાહેદ નં.૧૫ (આંક–૫૨) |
| ૧૭ | ૫૪ | સ્ટેશન ડાયરીનો ઉતારો | '' |
| ૧૮ | ૬૫ | ફરિયાદ | સાહેદ નં.૧૫ (આંક–૫૨) |

**આરોપી તરફે આ કામે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી.**

**આ કામે કોઈ મુદ્દામાલ રજુ થયેલ નથી.**

તારીખ : ૦૮.૦૪.૨૦૨૬
સ્થળ : ભરૂચ

**( રાજેશ કરમારસિંહ દેસાઇ )**
સેસન્સ જજ, ભરૂચ
કોર્ડ નં. જી.જે.૦૦૯૧૨